# APPENDIX 6

## The Written Text of Listening Comprehension Test (Form A)

## ફોર્મ : ૧

**સૂચના :-**

તમારાં જેવડાં આઠમા ધોરણમાં ભણતાં વિદ્યાર્થી ભાઈ-બહેનોને વાર્તા, ગીત, પ્રસંગો તથા કોયડાઓ ઉપરાંત આપેલી સૂચનાઓ ટેઇપ રેકર્ડર ઉપર સંભળાવવામાં આવે તો તેઓ તેમાંથી કેટલું યાદ રાખી શકે છે; તેમજ કેટલું સમજી શકે છે તથા તે સાંભળવામાં કેટલું ધ્યાન આપી શકે છે તે સમજવાનો આ એક પ્રયોગ છે. તેમાં દસથી બાર ગામનાં વિદ્યાર્થી ભાઈ-બહેનો ભાગ લેવાનાં છે. મને આશા છે કે તમને આ પ્રયોગમાં ચોક્કસ ખૂબ મજા પડશે.

આ પ્રયોગમાં તમને વાર્તા, ગીત, કોયડાઓ, સૂચનાઓ વગેરે સંભળાવાશે. પછી તે પર પ્રશ્નો પુછાશે. કેટલીક વખત જુદાજુદા પ્રકારની સૂચનાઓ પણ અપાશે. તમારે તે સૂચના મુજબનું કાર્ય કરવાનું છે. આ વાર્તા, ગીત, કોયડાઓ અને સૂચનાઓ તમને ટેઇપ રેકર્ડર પરથી સંભળાવાશે. એકજ વખત સંભળાવાશે માટે ધ્યાન દઈને સાંભળશો.

આ વાર્તા, ગીત વગેરે તમારા ઉત્તરપત્રમાં છાપેલાં નહીં હોય. તેમાં તેના ઉપર પુછાયેલા પ્રશ્નો પણ છાપેલા નહીં હોય. એટલે ટેઇપ રેકર્ડર ઉપર કંઈપણ સંભળાવાનું હોય ત્યારે બીજે કશે ધ્યાન ન આપશો. વાર્તાના શબ્દો, ગીતના શબ્દો કે સૂચનાઓ ઉપર કોઈપણ કારણસર ધ્યાન નહીં અપાયું હોય તો કેવીરીતે સમજાય ? માટે ધ્યાન દઈને સાંભળશો તોજ તમારા જવાબો સાચા પડશે.

સાંભળતા જજો અને બરાબર સમજતા જજો આટલી વાત બરાબર સમજાઇને ?

તમને વાતો વગેરે કઇરીતે સંભળાવાશે અને કઇરીતે તેના ઉપર પ્રશ્નો પુછાશે તેની સૂચના હવે સમજો. તે માટે આપણે એક ફકરો લઇશું. તે તમને ટેઇપ રેકર્ડર ઉપર સંભળાવાશે. ત્યાર પછી તેના ઉપર સવાલો પુછાશે. તે દરેક સવાલના ચાર ચાર જવાબો તમારા ઉત્તરપત્રમાં આપેલા છે. તે ચાર જવાબમાંથી એક જવાબ સાચો છે. તમારે તે સાચો જવાબ શોધીને તે સાચા જવાબના અક્ષર ફરતું ગોળ કૂંડાળું કરવાનું છે. ચાર જવાબમાંથી એક જવાબ સાચો છે. મહાવરા માટે એક ફકરો સાંભળો. સાંભળવા તૈયાર ? સાંભળો.

" વાદળાં જામવાની શરૂઆત થઇ, આજે હોકીની મેચ શરૂ થઇ. થોડીવારમાં હેમંતે ગોલ કર્યો. આથી પ્રેક્ષકોએ તાળીઓનો ગડગડાટ કર્યો. મેચ જામવાની શરૂઆત થાય તે પહેલાં જ વરસાદ તૂટી પડયો. આથી મેચના વ્યવસ્થાપકોને ના છૂટકે મેચ બંધ રાખવાની ફરજ પડી. આથી પ્રેક્ષકો ઘણાં નિરાશ થયાં."

ફકરો સાંભળ્યોને ? હવે તેના ઉપરના પ્રશ્નો પુછાશે. હવે તમારું ઉત્તરપત્ર ખોલો અને પાના બીજા પરના પ્રશ્નોના જવાબો વાંચો. અને તેમાંથી જવાબો શોધતા જજો.

સવાલો સાંભળવા તૈયાર ? સાંભળો. સવાલ પહેલો:-

"મૅચ શાની રમાતી હતી ?" સવાલ પહેલાની સામેના ચારેય જવાબો વાંચો. અને તેમાંથી સાચો જવાબ શોધો. જવાબ શોધ્યો ? તે જવાબ સામે કયો અક્ષર છાપેલો છે? " ગ " ખરૂંને ? તમારે અક્ષર " ગ " ફરતું ગોળ કૂંડાળું કરવું જોઇએ. (કા. પા. ઉપર સમજાવશે ) હવે સવાલ બીજો:- સાંભળો. સવાલ બીજો:- પ્રેક્ષકોની તાળીઓનો ગડગડાટ શાનું સૂચન કરે છે ? " આ સવાલનો "ક" જવાબ સાચો છે. તો તમારે તેના ફરતું ગોળ કૂંડાળું કરવું જોઇએ. બરાબર હવે સવાલ ત્રીજો:- સાંભળો. સવાલ ત્રીજો:- "મૅચ શા કારણે બંધ રહી હતી? આ પ્રશ્નનો જવાબ "ખ" સાચો છે. માટે "ખ" ફરતું ગોળ કૂંડાળું કરવું જોઇએ. ગોળ કૂંડાળું કેવી રીતે કરવાનું છે તે બરાબર સમજાયું ને ? હવે જુદા પ્રકારે જવાબ આપવાનો છે. તે સમજો. આ સવાલ સામે તમને હમણાં સંભળાવાયેલા ચાર ફકરાના ચાર બનાવો મૂકયા છે. પણ આડા અવળા ક્રમમાં મૂકયા છે. તમારે તેનો સીધો ક્રમ ગોઠવવાનો છે એટલે એ ચારેય જવાબો વાંચી જઇ નક્કી કરો કે કયો પહેલો, કયો બીજો અને કયો ત્રીજો તથા કયો ચોથો બનાવ છે. જે બનાવ પહેલો બનેલો લાગે તેની સામેનાં કૌંસમાં એકનો આંકડો, બીજા બનાવ સામેના કૌંસમાં બેનો આંકડો, ત્રીજા સામે ત્રણનો અને ચોથા સામે ચારનો આંકડો મૂકવાનો છે. તમને કયો બનાવ પહેલો બન્યો લાગે છે. મૅચ રમાવી શરૂ થઇ તે ખરૂંને ? તો તેની સામેનાં કૌંસમાં એકનો આંકડો મૂકો. ત્યારબાદ હેમંતે ગોલ કરેલો તેથી તેની સામેના કૌંસમાં બેનો આંકડો અને ગોલ થવાથી પ્રેક્ષકોએ તાળીઓ પાડેલી -

તેથી તે ત્રીજો બનાવ ગણાય. માટે તેની સામેના કૉસમાં ત્રણનો આંકડો મૂકવો જોઇએ. છેલ્લો બનાવ પ્રેક્ષકોને નિરાશ થવાનો હતો. તેથી તેની સામેના કૉસમાં ચારનો આંકડો મૂકવો જોઇએ. આવા સવાલોના જવાબો કેવીરીતે આપવાના છે તે બરાબર સમજાયું ને ? કોઇને કાંઇ પૂછવું છે ? અત્યાર સુધી કરેલી વાતમાં કોઇને કશું ન સમજાયું હોય તેવું છે ? ન સમજાયું હોય તો પૂછી લો. કારણકે એક વખત કામ શરૂ થયા પછી કોઇપણ પ્રકારની સમજૂતી અપાશે નહીં માટે કાંઇપણ ન સમજાતું હોય તો અત્યારે પૂછી લેજો કોઇને કાંઇ પૂછવું છે ?

હવે કેટલીક સૂચનાઓ સાંભળો આ સૂચના પ્રમાણે તમારે કામ કરવાનું છે. માટે ધ્યાન દઇને સાંભળો.

૧। સૂચના પહેલી :- બધા જવાબો પેન્સિલથી આપવાના છે.

૨। સૂચના બીજી :- રબ્બરનો ઉપયોગ કરવાનો નથી.

૩। સૂચના ત્રીજી:- ભૂલથી કે ઉતાવળથી ખોટા સ્થળે જવાબ અપાઇ જાય અને પછી બદલવાની જરૂર લાગે તો પહેલાં ખોટા જવાબ ઉપર ચોકડી મૂકો. અને પછી જે જવાબ સાચો લાગે તેના ફરતું કૂંડાળું કરો. રબર લઇને ભૂંસવામાં [illegible] વખત ન બગાડશો. ભૂંસવા રહેશો —

ભૂસવા રહેશો તો પાછળ રહી જશો.

૪। સૂચના ચોથી :- જ્યારે ટેઇપ રેકર્ડર ઉપર કોઇપણ સાંભળવાનું હોય ત્યારે બીજે કશે ધ્યાન ન આપશો. તમારૂં ધ્યાન સાંભળવામાંજ રાખો.

૫। સૂચના પાંચમી :- કસોટી પૂરી થાય કે તરતજ ઉત્તરપત્ર બંધ કરી દેવાનું છે. હવે પછી કરવાની કસોટીના જવાબો વાંચવાની કોશિશ ન કરશો. તેને બદલે હવે પછી કસોટીમાં તેની અપાતી સૂચનાઓ ધ્યાન દઇને સાંભળો અને કરવાના સૂચનો સાંભળતી વખતે પેન્સીલ નીચે મૂકી દેવાની છે. સાંભળતી વખતે કશુંજ લખવાનું નથી.

૬। સૂચના છઠ્ઠી :- તમારા જવાબોને કપાસથી ઢાંકતા જજો.

૭। સૂચના સાતમી :- તમારે આ ઉત્તરપત્રમાંજ બધાજ જવાબો આપવાના છે.

<u>હવે કસોટી પહેલી લઇએ.</u>

## કસોટી - ૧

કસોટી પહેલીમાં તમને નાના નાના ફકરા એક પછી એક સંભળાવાશે. તમને તે પછીથી તે દરેક ફકરામાં કહેવાયેલી મુખ્ય વાત ઉપર એક એક સવાલ પૂછાશે. આ માટેનો ફકરો પહેલો સાંભળવા તૈયાર ? દરેકને કસોટી પહેલી મળી ગઇ છે તે ? હવે ફકરો સાંભળવા તૈયાર રહો. સાંભળવા તૈયાર ? સાંભળો.

### ફકરો પહેલો:-

કેટલાંક બાળકો દરિયા કિનારે જુદીજુદી પ્રવૃત્તિઓ કરતાં હતાં. કેટલાક બાળકો રેતીના ઢગલામાંથી મંદિર તો કેટલાંક બગીચો બનાવતાં હતાં. કેટલાંક જોતાં હતાં. તો કેટલાક બનાવેલા મંદિરને તોડી ફોડીને નવું બનાવતાં હતાં. તો વળી કેટલાંક દોડીદોડીને કિકિયારી કરતાં મોજાં સામું પસી જતાં હતાં. હવે સવાલો સાંભળો. સવાલ પહેલો:-

સવાલ ૧લો:- આ ઉપરથી બાળકો વિશે શું કહી શકાય ?

### ફકરો બીજો:-

શહેરને છેડે ખૂબ ઉંચી દિવાલ હતી તેના ઉપરકાચ બેસાડેલ હતા. દિવાલ પૂરી થાય પછી ત્યાં આવેલા દરવાજા ઉપર પોલિસો હતા દરવાજા અંદર લાગ્યેજ કોઇ દેખાતું હતું. વાતાવરણ સૂમસામ હતું. હવે સવાલો સાંભળો

સવાલ બીજો:-આવર્ણન કયા સ્થળનું હશે ?

ફકરો ત્રીજો:-

ચિત્રવાળાં માસિકનાં પાનાં આમતેમ ઉથલાવતા નાની કાન્તાની આંખમાં ચમક આવતી હતી. તે તાળીઓ પાડતી પાડતી હેઇ હેઇ એમ બોલતી હતી. હવે સવાલ સાંભળો. સવાલ ત્રીજો:-

સવાલ ત્રીજો:- આ ઉપરથી કાન્તાના મનમાં કેવા ભાવ હશે તેમ કહી શકાય ?

ફકરો ચોથો:-

પ્રેમલના પિતાજી આજે પ્રેમલ ઉપર ખૂબ ગુસ્સે થયા હતા. તે પ્રેમલને જરાપણ ન ગમ્યું. પ્રેમલ આજે વહેલો પથારીમાં પડયો. તે ઊંઘી ગયો નહોતો. એટલામાં પ્રેમલે જોયું કે પિતાજીએ આવીને માથા ઉપરની બારી બંધ કરી, ઓઢાડયું. થોડીવાર ઊભા રહ્યા. પછી બત્તી બંધ કરી બહાર ગયા. હવે સવાલ સાંભળો:-

સવાલ ચોથો:- પ્રેમલના પિતાજીનું આ વર્તન કેવું ગણી શકાય ?

હવે તમારું ઉત્તર પત્ર બંધ કરો હવે કસોટી બીજી લઇએ. તેમાં તમને એક વાર્તા સંભળાવાશે. પછી તમારે વાર્તા ઉપરના આઠ સવાલોના જવાબ આપવાના છે. વાર્તા સાંભળવા તૈયાર ? સાંભળો.

ઘણા વર્ષો પહેલાંના ઈંગ્લેન્ડ દેશની આ વાત છે. એ કાળે હેન્રી નામનો રાજા રાજ કરતો હતો. રાજાને શિકારનો ભારે શોખ. આથી રાજ-રજવાડાંની વ્યક્તિઓ માટે કેટલાંક જંગલો શિકાર માટે અલગ રાખવામાં આવતાં હતાં. રાજા સિવાય કોઈને શિકાર કરવાનો અધિકાર નહોતો. કોઈ શિકાર કરે તો દેહાંત દંડની સજા થતી. આ જંગલોનો કોઈ ઉપયોગ ન કરી જાય તે માટે અને જંગલોની દેખભાળ કરવા માટે રખેવાળો નીમવામાં આવતા હતા.

તે વખતે શેરવુડ અને બર્નસ્ડેલ નામનાં બે મુખ્ય જંગલો હતાં. તેમાં શેરવુડ નામના જંગલમાં એક રખેવાળ હતો. તેને રોબર્ટ નામે એક દીકરો હતો. લોકો તેને તેનાં હુલામણા નામ "રોબ" ને નામે બોલાવતાં, રોબર્ટને નાનપણથી પોતાના બાપુ સાથે જંગલમાં ફરવાનો ભારે શોખ હતો. સહેજ મોટો થયા બાદ તે તીરકામઠું લઈને જંગલમાં રખડયા કરતો. રોબર્ટને શિયાળાની કડકડતી ઠંડીમાં બાપુ પાસે બેસીને નામચીન લૂંટારાઓની વાત સાંભળવી પણ બહુજ ગમતી. આ વાતો સાંભળ્યા પછી તે એકલો એકલો બેસીને તેવા પરાક્રમો કરવામાં સ્વપ્નો સેવ્યા કરતો હતો. ઓગણીશ વર્ષનો થયો ત્યાં સુધીમાં તો પાકો તીરંદાજ બની ગયો હતો.

એજ અરસામાં એવું બન્યું કે રાજાની પાસે કોઈએ રોબર્ટના પિતાની વિરૂધ્ધ કાન ભંભેરણી કરી. તેને કારણે રોબર્ટના પિતાને કેદ કરવામાં આવ્યા હતા.

-! ૯ !-

શિયાળાની કડકડતી ઠંડીમાં રોબર્ટને અને તેની માતાને રોબર્ટના કાકાને ત્યાં આશરો લેવો પડયો હતો. તેની માતા ઉપર અને રોબર્ટ ઉપર દુ:ખના ડુંગર તૂટી પડેલા. રોબર્ટ હવે જયારે એકલો પડતો ત્યારે જંગલમાં ફર્યા કરતો. તીર ચલાવ્યા કરતો. નાના નાના શિકાર કર્યા કરતો. થોડા વખત બાદ તેની માતા પણ મરણ પામી. આથી રોબ વધુને વધુ એકલો પડતો ગયો. તે જંગલમાં એકલો એકલો ફર્યા કરતો અને શિકાર કર્યા કરતો તેનું કોઇ નિશાન અફળ જતું નહિ.

જોકે રોબર્ટના કાકા રોબર્ટ ઉપર ખૂબ માયા રાખતા હતા. એક દિવસ તેમણે રોબર્ટને કહેલું, "રોબર્ટ, નેટિંગહામ શહેરમાં મેળો ભરાવાનો છે. ત્યાં નિશાન-બાજીની હરીફાઇ મંડાશે. અને જે જીતશે તેને જંગલનો રખેવાળ નીમવામાં આવશે અને ઉપરાંત સોનાનું તીર ઇનામમાં મળશે." આ વાત સાંભળી રોબર્ટ તુર્તજ બોલ્યો, "હું જઇશ, કાલેજ હું જરૂર જઇશ."

અને પછી તે નોટિંગહામ શહેર તરફ ચાલી નીકળ્યો તેમાં વચ્ચે એક જંગલ આવતું હતું. રોબ તેમાં પેઠો અને જંગલ જોતોજોતો ચાલ્યોજતો હતો. ત્યાં એક સ્થળે જંગલનો રખેવાળ અને તેના પહેરેગીરો બેઠાબેઠા ગપ્પા મારતા હતા. રોબને તેના તીરકામઠાં સાથે જતો જોઇ રખેવાળ બોલ્યો, "વાહ ! જબરો તીરંદાજ જાય છે ને ? આ ભાઇ હરીફાઇમાં ભાગ લેવા જવાનાં કે ?" આ સાંભળીને રોબર્ટ ગુસ્સે થયો અને બોલ્યો, "કેમ ભાઇ!

આટલી ઠઠ્ઠા મશ્કરી કરો છો ? મારૂં તીરકામઠું કંઈ નકામું છે ? હું શું નિશાન પાકું છું હોં કે ?" આ સાંભળી રખેવાળ કહે, "રાખ રાખ હવે, મોટો તીરંદાજ ન જોયો હોય તો ! આ સામેના હરણાં ચરે છે ને તેના બધાં સુધી પણ જો તીર પહોંચે તો તું ખરો." પલકવારમાં રોબર્ટે તો પણછ ખેંચીને તીર ફેંક્યું અને એક હરણું ઊંચે ઉછળીને નીચે પડ્યું. બધાં મોમાં આંગળા નાખી ગયા. આથી રખેવાળ ગુસ્સે ભરાયો અને તેણે એક તીર રોબર્ટ ઉપર ફેંક્યું. રોબર્ટ સહેજમાં બચી ગયો. અને બોલ્યો, " હું તમને ઓળખી ગયો છું. તમેજ મારા પિતા વિરૂધ્ધ રાજાજી પાસે કાન ભંભેરણી કરી હતી ખરૂંને ?" રખેવાળ આ સાંભળી નવાઈ પામ્યો. તે કાંઈપણ કહે કે કરે તે પહેલાં રોબર્ટે પોતે એક તીર રખેવાળ ઉપર ફેંક્યું અને તે ચીસ પાડીને નીચે પટકાઈ પડ્યો હતો. રોબર્ટ તુરતજ દોડીને જંગલમાં અદ્રશ્ય થઈ ગયો.

વાર્તા સાંભળીને ? હવે તેના ઉપરના આઠ સવાલો એક પછી એક પૂછાશે. સવાલ સાંભળવા તૈયાર ?

<u>સવાલ ૧લો:–</u> ઈંગ્લેન્ડમાં તે કાળે રાજા અને અમીરો માટે શું અલગ રાખવામાં આવતું હતું ?

<u>સવાલ ૨જો:–</u> ઈંગ્લેન્ડમાં શાની મનાઈ કરવામાં આવતી હતી ?

<u>સવાલ ૩જો:–</u> દુઃખનાં ડુંગર તૂટી પડવા એ રૂઢિપ્ર. નો અર્થ શો ?

સવાલ ૪થો:- રોબર્ટને શા માટે તીરંદાજ કહેવો જોઇએ ?

સવાલ ૫મો:- રોબર્ટના કાકાનો સ્વભાવ કેવો હતો?

સવાલ ૬ઠો:- રોબર્ટ નોટિંગહામ શહેરમાં શા માટે ગયો હતો ?

સવાલ ૭મો:- "વાહ! શું જબરો તીરંદાજ જાય છે" તે દ્વારા રખેવાળ શું કહેવા માગતો હતો ?

સવાલ ૮મો:- રોબર્ટના પિતાની નોકરી શા માટે ગઇ હતી ?

કસોટી બીજી પૂરી થઇ હવે કસોટી ત્રીજી લઇએ.

## કસોટી - ૩

સૂચના:-

કસોટી ત્રીજીમાં તમને એક ગીત સંભળાવાશે. ત્યારબાદ તેના ઉપરના આઠ સવાલોના જવાબ તમારે આપવાના છે. તમારું ઉત્તરપત્ર બંધ કરો. અને ગીત સાંભળવા તૈયાર રહો. તૈયાર ? સાંભળો :-

-! ૧૨ !-

હે આવે છે મેહુલિયો આવે છે,
વાયુ, સજળ સાથ એ લાવે છે.... હે આવેછે.

સાગર સાથે હોડ કરી, એ
દોટે તેને હંફાવે છે;
દક્ષિણ દેશના પર્વત કૂદી,
નાદે ગગન ગજાવે છે............ હે આવેછે.

સૂરજ ઢાંકે, ચાંદો ઢાંકે,
તારા સર્વ બુઝાવે છે;
વીજ મશાલ લઇને નિજ એ
તિમિરે માર્ગ બનાવે છે........... હે આવેછે.

ઝરમર ઝરમર વરસીને, એ
માટીને મહેકાવે છે;
વરસીને ઝડીઓ સર સરિતા,
ઝરણાંને ગહેકાવે છે.............. હે આવેછે.

ડોલાવે દિલ વનવન કેરાં,
કૈંક પહાડ હસાવે છે;
પુલકિત કરતો ધરતીને, એ
માનવમન હરખાવે છે........... હે આવે છે.

ગીત સાંભળ્યું ને? હવે આ ગીત ઉપરના કુલ ૮ સવાલો એક પછી એક પૂછાશે, સાંભળવા તૈયાર? સાંભળો:-

સવાલ ૧લો:- મેહુલો શું કૂદીને આવે છે?

સવાલ બીજો:- પર્વતો કઇ દિશામાં આવેલા છે?

-! ૧૩ !-

<u>સવાલ ૩જો:-</u> મેહુલો આવીને શું ગજાવે છે ?

<u>સવાલ ૪થો:-</u> મેહુલો આવવાથી સૂરજ ચાંદા ઉપર શી અસર થાય છે ?

<u>સવાલ ૫મો:-</u> મેહુલો અંધારામાં કેવીરીતે માર્ગ બનાવે છે ?

<u>સવાલ ૬ઠો:-</u> કવિએ મેહુલાને કેવીરીતે વરસતો કહ્યો છે ?

<u>સવાલ ૭મો:-</u> મેહુલો આવવાથી સમગ્ર સૃષ્ટિ કેવી બની છે ?

<u>સવાલ ૮મો:-</u> મેહુલો આવવાને કારણે કવિનું મન કેવું બન્યું છે ?

કસોટી ત્રીજી પૂરી થઇ. હવે કસોટી ચોથી લઇએ.

## <u>કસોટી - ૪</u>

<u>સૂચના:-</u>

આ કસોટીમાં તમને શાળામાં કે રેડિયો ઉપર કેટલાક વાર્તાલાપ આપે છે તે એવો એક વાર્તાલાપ સંભળાવાશે. તે વાર્તાલાપ "સૂર્ય શક્તિના ઉપયોગો" ઉપરનો છે. તે વાર્તાલાપ સાંભળ્યા પછી તમારે આઠ સવાલોના જવાબ આપવાના છે. તમારું ઉત્તરપત્ર બંધ કરો. વાર્તાલાપ સાંભળવા તૈયાર ? સાંભળો ....

-! ૧૪ !-

## સૂર્ય શક્તિનો ઉપયોગ

જયારથી માનવીને સૂર્યની શક્તિની અગત્ય સમજાવા લાગી છે ત્યારથી તેને દેવ તરીકે પૂજીને પ્રાર્થીને સૂર્યને સમજવાનો પ્રયત્ન માનવીએ કર્યો છે. અને ત્યારબાદ ધીમેધીમે વૈજ્ઞાનિક રીતે તેને સમજવાનો અને ઓળખવાનો પ્રયત્ન મનુષ્ય કરતોજ આવ્યો છે. અને હજુ કરે છે. થોડી માહિતી તેના વિષે મળી છે.

સૂર્યના પ્રકાશમાંથી નીકળતાં જુદાજુદા પ્રકારના કિરણોનો ઉપયોગ ક્ષય, સંધિવા વગેરે જેવા રોગો દૂર કરવામાં થાય છે. તેવાં કિરણો મળે તે માટેની વ્યવસ્થા સોલેરિયમમાં કરવામાં આવે છે. સોલેરિયમ એ સૂર્યની સામે સાથે સાથે ફરતું એક પ્રકારનું મકાનજ છે. સૂર્ય સામે ફરતું હોવાથી દર્દીને આખા દિવસ દરમ્યાન સતત સૂર્ય પ્રકાશમાં રાખી શકાય છે.

સૂર્યની ગરમીથી રસોઇ પણ બનાવી શકાય છે. ભારતમાં નેશનલ ફીઝીકલ લેબોરેટરી સોલર કૂકરો બનાવે છે. સોલર એટલે સૂર્યનુ આ કુકરમાં પરવળ આકારના અરીસાઓ ગોઠવેલા હોય છે. અને અરીસાઓની વચ્ચે વાસણ મૂકવાની જગ્યા રાખવામાં આવી હોય છે. સૂર્યનો તાપ અરીસા ઉપર પડે છે. અને અરીસાઓ સૂર્ય પ્રકાશને ~~[illegible]~~ કેન્દ્રિત કરે છે. અને તેનાથી ગરમી ઉત્પન્ન થાય છે. એ ગરમીથી રસોઇ પકવી શકાય છે.

જ્યારે ઇઝરાએલમાં સૂર્યની ગરમીથી ચાલતા હીટર ઘણા પ્રમાણમાં ઉપયોગમાં લેવાય છે. ત્યાંના વૈજ્ઞાનિકોએ આ હીટરો મુખ્યત્વે પાણી ગરમ કરવા માટે બનાવ્યાં છે. ઇઝરાયેલમાં આવા એક લાખ હીટર ઉપયોગમાં લેવાય છે. આ થયો સૂર્યશક્તિનો બીજા પ્રકારનો ઉપયોગ.

વળી સૂર્યના પ્રકાશમાંથી અને સૂર્યની ગરમીથી વીજળી મેળવી શકાય છે. ભારત જેવા વિકસતા દેશને માટે આવી વીજળી બહુ ઓછા ખર્ચે લોકોને મળી શકે. સૂર્યની શક્તિનો બે અબજમો ભાગ પૃથ્વી ઉપર પહોંચે છે. તેના ફક્ત ૧૦૮કા ભાગમાંથી વીજળી બનાવાય તો આખી દુનિયાને વીજળી પૂરી પાડી શકાય તેમ છે.

વીજળી સૂર્ય પ્રકાશમાંથી અને સૂર્યની ગરમી બંનેમાંથી ઉત્પન્ન કરી શકાય છે. ચંદ્ર ઉપર જવા માટેના રોકેટોમાં આવી વીજળીનો ઉપયોગ કરી શકાય. પૃથ્વી ઉપર સંદેશા વ્યવહાર માટે મૂકાતા ટેલિસ્ટારમાં પણ સૂર્યની વીજળીનો ઉપયોગ થઇ શકાશે. આમ સૂર્ય શક્તિના ઘણા મહત્ત્વના ઉપયોગો છે.

વાર્તાલાપ સાંભળ્યો ને ? હવે તેના ઉપરના આઠ સવાલોના જવાબ એક પછી એક તમારે આપવાના છે. સવાલ સાંભળવા તૈયાર થાઓ. સાંભળવા તૈયાર ? સાંભળો.

<u>સવાલ ૧લો:-</u> સૂર્ય પ્રકાશનો ઉપયોગ અહીં આપેલી બાબતોમાંથી કઇ બાબત માટે થાય છે ?

<u>સવાલ ૨જો:-</u> સોલેરિયમમાં કેવા દર્દીનો ઉપચાર થાય છે ?

સવાલ ૩જો:- આજે ભારતમાં સૂર્યશક્તિનો ઉપયોગ કઈ બાબતમાં કરી શકાય તેમ છે ?

સવાલ ૪થો:- ભારતમાં બનાવેલાં સાધનમાં સૂર્યનાં કિરણો એકઠાં કરવા માટે શું મૂકવામાં આવ્યું છે ?

સવાલ ૫મો:- ઇઝરાએલમાં સૂર્યશક્તિનો ઉપયોગ શેમાં કરવામાં આવે છે ?

સવાલ ૬ઠો:- ઇઝરાયેલમાં સૂર્યશક્તિનો ઉપયોગ કરતાં કેટલાં હીટરો છે ?

સવાલ ૭મો:- સૂર્યની કઇ બાબતમાંથી વીજળી ઉત્પન્ન થાય છે ?

સવાલ ૮મો:- સૂર્ય શક્તિના ઉપયોગ પરથી સૂર્યશક્તિ માનવ જાત માટે કેવી ગણાય ?

કસોટી ચોથી પૂરી થઇ હવે કસોટી પાંચમી લઇએ.

## કસોટી ૫.

આ કસોટીમાં તમને નાના નાના ફકરા સંભળાવવામાં આવશે. તે પછી તે દરેક ફકરા ઉપર ત્રણ ત્રણ સવાલો પૂછાશે. ફકરો પહેલો સાંભળવા તૈયાર સાંભળો.

ફકરો-૧:-

આઠ વર્ષે સાસરેથી આવેલી હસાને પોતાનું ઘર નવું ..

નવું લાગ્યું. કેટકેટલો ભાવ જાગતો હતો? ઘરે આવીને પહેલા આખા ઘરમાં બધા ઓરડામાં ફરી વળી. પછી બગીચામાં આંટો મારી રસોડામાં પોતાની બા પાસે જઇને બેઠી.

હવે સવાલ પુછાશે.

<u>સવાલ ૧લો:-</u> હંસા કેટલે વર્ષે ઘરે આવી હતી ?

<u>સવાલ ૨જો:-</u> હંસા કયાંથી આવી હતી ?

<u>સવાલ ૩જો:-</u> ઘરે આવીને હંસાએ પહેલાં શું કર્યું ?

હવે તમારૂં ઉત્તરપત્ર બંધ કરો. અને ફકરો સાંભળો.

<u>ફકરો ૨જો:-</u>

મધમાખી વિષે એવી માહિતી મળે છે કે તે ગોળ અને ચોરસ આકાર ઓળખે છે. મોટું અને નાનું કદ ઓળખે છે. તથા "અ" અને "બ" અક્ષરો પણ ઓળખે છે. એવું મનાય છે કે તે આથી ઘણું વધારે સમજતી હશે.

હવે સવાલ પૂછાશે,

<u>સવાલ ૧લો:-</u> મધમાખી કયા આકાર ઓળખે છે?

<u>સવાલ ૨જો:-</u> મધમાખી કયા અક્ષર ઓળખે છે ?

-। १८ ।-

<u>સવાલ ૩જો:-</u> મધમાખી વિશે શું માનવામાં આવે છે?

તમારું ઉત્તરપત્ર બંધ કરો. અને ફકરો ત્રીજો સાંભળવા તૈયાર રહો.

<u>ફકરો ૩જો:-</u>

પાન ખરી ગયાં પછી વૃક્ષે વૃક્ષે કૂંપળ ફૂટે, અને થોડા વખતમાં વૃક્ષો અને ઘાસ લીલાછમ થઇ જાય અને પછી અનેક પ્રકારનાં ફૂલો ખીલવા લાગે ક્યારે સમજવું કે વસંતઋતુ આવી છે. વસંતને કોઇએ ૠતુઓની મહારાણી કહી છે તે યોગ્યજ છે.

હવે સવાલ પૂછાશે.

<u>સવાલ ૧લો:-</u> વસંતઋતુ આવે છે ત્યારે શું થાય છે?

<u>સવાલ ૨જો:-</u> વસંતઋતુમાં ક્યાં કૂંપળ ફૂટે છે ?

<u>સવાલ ૩જો:-</u> આ સવાલમાં જણાવેલી બાબતોમાંથી વસંતઋતુ આવે ત્યારે શું બને છે ?

ઉત્તરપત્ર બંધ કરો. અને ફકરો ચોથો સાંભળવા તૈયાર રહો.

<u>ફકરો ૪:-</u>

જો ભાઇ મને લાગે છે કે તારે હવે વધુ સારા બનવું

-। १८ ।-

બનવું જોઇએ. બધાનું કહ્યું માનવું જોઇએ. સાચું બોલવું જોઇએ. પિતા તરીકે તારી પાસે રખડયા કરવાને બદલે ખંત અને સખત કામની તારી પાસે રખડયા કરવાને બદલે ખંત અને સખત કામની હું આશા રાખું છું.

સવાલ ૧લો:- આ સૂચનો કોણ આપે છે ?

સવાલ ૨જો:- આ સૂચનો કોને અપાય છે ?

સવાલ ૩જો:- સૂચના આપનાર શાની અપેક્ષા રાખે છે ?

કસોટી પાંચમી પૂરી થઇ. હવે તમારૂં ઉત્તરપત્ર બંધ કરો.

## કસોટી ૬.

હવે કસોટી છઠ્ઠી લઇએ. આ કસોટીમાં તમને એક નાનો પ્રસંગ સંભળાવવામાં આવશે. ત્યારપછી તે પ્રસંગ પર કુલ આઠ પ્રશ્નો પૂછાશે. તમારૂં ઉત્તરપત્ર બંધ કરો. હવે પ્રસંગ સાંભળવા તૈયાર ?

સાંભળો.......

એક માણસ હતો. તે જમ્યા પછી બપોરે સૂતો હતો. ઊંઘમાં તેને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેને જણાયું કે તે પોતે રાજા મહારાજાના યુગમાં જીવી રહ્યા છે. અને રાજાએ

પોતાની કોઈ ભૂલ પોતાનો વધ કરવાની સજા ફરમાવી છે. કહયું છે ને કે રાજા, વાજા ને વાંદરાં બધાં સરખાં. પેલા માણસે ઊંઘમાં જોયું કે પોતાનો વધ કરવા માટે ખોલીમાંથી બહાર કાઢીને પહેરેગીર લઈ જાય છે. થોડીવારે તેણે સામે જોયું તો એક જલ્લાદ મોટો છરો લઈને સામે ઊભો છે તે વખતે જેલરે તેની નજીક આવી તેની કોઈ છેલ્લી ઈચ્છા હોય તો પૂર્ણ કરવામાં આવશે. તેમ કહ્યું પણ તે કશુંજ કહી શકયો નહિ. ત્યારબાદ તેને માથું નીચું નમાવી, આંખો બંધ કરી બેસવાનું કહેવામાં આવ્યું. અને તેવી રીતે તે બેઠો અને છરાના ઘાની રાહ જોવા લાગ્યો. ખરૂં જોતાં આજ સમયે તે માણસની પત્ની ઓરડામાં આવી અને તે માણસને ગળે થપથપાવીને ઊઠાડવા લાગી. માણસને સ્વપ્નમાં બધુંજ સાચું લાગતું હતું. તેના ગળા ઉપર હાથનો સ્પર્શ થતાંજ તેને આઘાત લાગ્યો. ~~(તેને સાથેજ ગળા પર હાથનો સ્પર્શ થતાંજ તેને આઘાત લાગ્યો)~~ તેને સાથેજ ગળા પર છરો ફરતો લાગ્યો અને ઊંઘમાંને ઊંઘમાં તેનું અવસાન થયું.

પ્રસંગ સાંભળ્યોને ? હવે તેના સવાલના જવાબ આપવાના છે. સવાલ સાંભળવા તૈયાર રહો.

<u>સવાલ ૧લો:-</u> આ માણસ રાજા મહારાજાના યુગમાં ક્યારે જીવી રહ્યો હતો ?

<u>સવાલ ૨જો:-</u> "રાજા-વાજાને વાંદરા" એ કહેવત કોને કેવા કહેવા માંગે છે ?

સવાલ ૩જો:- આ વાતમાંનો માણસ શા માટે માથું નમાવીને બેઠો હતો ?

સવાલ ૪થો:- આ માણસ મૃત્યુ પહેલાં શું ન કરી શકયો ?

સવાલ ૫મો:- તે માણસને ગળે તેની પત્નીએ શા માટે થપથપાટ કર્યો હતો ?

સવાલ ૬ઠો:- તે થપથપાટ માણસને કેવો લાગ્યો ?

સવાલ ૭મો:- થપથપાટ થતો હતો ત્યારે માણસ શેની રાહ જોતો હતો ?

સવાલ ૮મો:- આ પ્રસંગમાં આવતા ચાર બનાવોને આડાઅવળી ક્રમમાં મૂકવામાં આવ્યા છે. તેને આંકડો-૧, આંકડો-૨, આંકડો-૩ અને આંકડો૪ મૂકી ગોઠવો.

કસોટી છઠ્ઠી પૂરી થઇ. હવે કસોટી સાતમી લઇએ.

## કસોટી - ૭

આ કસોટીમાં તમને નાની નાની વાત સંભળાવાશે. તે સાંભળ્યા પછી તે સાંભળેલી વાતમાં હવે પછી શું બનવાનું છે. તેનો વિચાર કરી જવાબ આપવાનો છે. આ માટે મહાવરો કરીએ. તે માટે એક નાની વાત સાંભળો.

— । ૨૨ ।—

અમલને આંબલી પીપળી રમવું ખૂબ ગમે. આંબલી પીપળી રમતાં અમલ બેઠો હતો. તે ઝાડનાં ડાળીનો કડકડ અવાજ થયો. થોડીવારે ધબાકો સંભળાયો. આથી નક્કી કરો કે હવે શું બન્યું હશે ? તમારા ઉત્તરપત્રમાં ચારેય જવાબો વાંચો અને સાચો જવાબ શોધી તે જવાબ સાથેના અક્ષર ફરતું કૂંડાળું કરો. ચારેય જવાબો વાંચ્યા ? શું બન્યું હોય તેમ લાગે છે ? અમલ નીચે પડયો હોય તેમ લાગે છે. બરાબર, માટે "ક" ફરતું કૂંડાળું કરવું જોઇએ. હવે આવી ચાર વાતો સાંભળો અને જવાબ આપો.'

વાત ૧લી:— એક ઘરનાં પગથિયે પાળેલું કૂતરું બેઠું હતું. પગથિયાથી થોડે દૂર આવેલા આંગણાનો દરવાજો કોઇ અજાણ્યા માણસે ઉઘાડયો. તે અંદર આવ્યો. સવાલ એ છે કે હવે કૂતરું શું કરશે ?

વાત ૨જી:— દૂધ પીને હીંચકા ખાતું બાળક આંખો ચોળતું. બગાસા ખાતું અને પછી અંગૂઠો ચુસતું ધીમે ધીમે હલનચલન ઓછું કરતું જાય છે. સવાલ એ છે કે આ બાળક હવે શું કરશે ?

વાત ૩જી:— કલાને નહાવું હતું. ઠંડી ખૂબ હતી. તપેલામાં પાણી ભર્યું. સગડી સળગાવી અને પછી સગડી ઉપર મૂકી. પાણી ગરમ પણ થયું. સવાલ એ છે કે કલા હવે પાણીનું શું કરશે ?

વાત ૪થી:- એકાંત આંગણામાં ઘણા ચણા નાખ્યા હતા. એક પછી એક કબૂતર ભેગાં થતાં જતાં હતાં. ત્યાં એકાએક મોટો અવાજ થયો તેમાં ઘણાં પક્ષીઓ ઘણા ચણવા લાગ્યા હતાં. હવે સવાલ એ છે કે હવે પક્ષીઓ શું કરશે ?

કસોટી પૂરી થઇ હવે કસોટી ૧૨મી લઇએ.. તમારું ઉત્તરપત્ર બંધ કરો.

## કસોટી ૧૨.

કસોટી ૧૨મીમાં "ભારતમાં ક્રિકેટનો ઉગમ" એ નાનો વાર્તાલાપ હવે સંભળાવાશે. ત્યારપછી તેના ઉપર તમારે આઠ સવાલોના જવાબો આપવાના છે. તમારું ઉત્તરપત્ર બંધ કરો. સાંભળવા તૈયાર ? સાંભળો.

## ભારતમાં ક્રિકેટનો ઉગમ.

ભારતમાં રમાતી ક્રિકેટ ઠીકઠીક એવી પ્રગતિ સાધી છે. દુનિયાની ક્રિકેટની રમતની દુનિયામાં ભારતનું સ્થાન કંઇક અંશે મહત્ત્વનું ગણાય છે. ૧૯૩૮માં ભારતની ક્રિકેટ સો વર્ષ પૂરા કર્યાં છે.

ક્રિકેટની રમતથી પરિચિત કરવાનું માન મુંબઇના અંગ્રેજી શાળાના અંગ્રેજી શિક્ષક મિ. બોઝવેલ નામના શિક્ષકને ફાળે જાય છે. તેમણે આ રકમ પારસી સ્કૂલના છોકરાઓને પ્રથમ શીખવી હતી.

-। ૨૪ ।-

લોકોએ શરૂઆતમાં આ રમત પ્રત્યે બહુ ધ્યાન નહીં આપ્યું હોય. બહુ મહત્ત્વની પણ નહીં ગણી હોય. પણ પછીથી આ રમત જોવા પ્રેક્ષકોની ઠઠ થવા લાગી તે તેની લોકપ્રિયતાની સાક્ષી પૂરે છે. શરૂઆતમાં પારસીઓને અને પછીથી ૧૦વર્ષમાં પારસીઓ ઉપરાંત અનેક કોમો તેમાં રસ લેવા લાગી હતી. અને અનેક કલબો સ્થપાવા લાગી હતી.

પરંતુ તે રમત તો પારસીઓએ પોતાની કરી હતી. તેઓએ અદ્ભુત ઉત્સાહથી અને નાણા ખર્ચીને આ રમતને આગવી રીતે ખિલવી. પારસીઓને આથી ભારતની ક્રિકેટના સ્થાપકો નહીં પણ પિતા તો જરૂર કહી શકાય કારણકે રમતને પાળી અને પોષીને વિકસાવી છે.

એ વખતે ક્રિકેટ રમનારાઓમાં એવી માન્યતા હતી કે ક્રિકેટ રમનાર તો ફટકાબાજ જ હોવો જોઇએ. એ ફટકાબાજને બોલિંગ, કે ફીલ્ડીંગ ઓછાં આવડે તો ચાલે, તેવી માન્યતા હતી. ધીમેધીમે ફટકા મારવા ઉપરાંત બોલિંગ, ફીલ્ડીંગ વગેરેનું મહત્ત્વ સમજાયું અને પછીથી મેચ જીતવા તરફ ટીમના કેપ્ટનનું ધ્યાન ખેંચાયું અને એથી ધીમેધીમે ક્રિકેટના કાનૂનોનું ખેલદિલીથી પાલન થવા લાગ્યું. શિસ્ત પણ વિકસતી ગઇ.

પહેલા વહેલી મેચ ૧૯૯૮માં મુંબઇના મેદાનમાં રમાઇ. એ વખતે આખી ટીમના બસો રન થાય તેવું કોઇ વિચારતું પણ નહિ. એક ખેલાડી સદી કરે, તેવો ખ્યાલ પણ તે વખતે નહોતો. એ જમાનાની પીચ ખાડાખડબચડાવાળી હતી. એ વખતે રમનારની માન્યતા એવી હતી કે ફટકો લગાવવો તો ચારનો, એક બે રન તે શું લેવા ? આમ "ચોકા" મારવાની ધૂનમાં બેઉ પક્ષના દાવ જલદી પૂરા થઇ જતા.

અને અધા દિવસમાં મેચ પૂરી થઇ જતી. એ વખતે પચાસ રન કરનારને મોટું ઇનામ મળતું આજની ક્રિકેટની રમત વ્યક્તિગત રમત થતી જાય છે. જયારે ૧૯મી સદીની ક્રિકેટ શિસ્ત અને સમૂહ માનસ કેળવતી હતી.

જો કે ક્રિકેટમાં સફળતા મેળવવી સહેલી નથી. બેટિંગ આવડે તો તમે રન કરી શકો પણ બોલિંગ ન આવડે તો સામા પક્ષના ખેલાડીઓને આઉટ ન કરી શકો. બોલિંગ આવડે તો તમે પોતે રન લેવા જેટલુંય બેટિંગ ન કરી શકો તો ? નકામું. બોલિંગ-બેટિંગ બંને આવડે પણ ફીલ્ડીંગ ન આવડે તો ? તેથી પણ સામો પક્ષ વધુ રન કરી જાય. આમ બોલિંગ, બેટિંગ, ફિલ્ડીંગ એ ત્રણેય સરખાં મહત્વનાં થઇ પડે છે. ઉત્તમ ખેલાડી બનનાર વ્યક્તિ પોતે આ ત્રણે કળામાં નિપુણ જોઇએ. અને આ માટે સતત મહેનત, પૂરતો રસ અને માર્ગદર્શનની જરૂર પડે છે.

ભારત આજસુધીમાં ૧૧૯ ટેસ્ટ મેચ રમ્યું છે અને તેમાંથી સોળ જીત્યું છે.

વાર્તાલાપ સાંભળ્યો ને ? હવે તેના પરના પ્રશ્નો સાંભળી અને જવાબ લખતા જાઓ.

પ્ર. ૧:- આ રમત ટકાવવા અને વિસ્તારવાનું કામ કોણે કર્યું હતું ?

પ્ર. ૨:- એ રમત પ્રથમ કોને શીખવાઇ ?

સ.૩:- એ વખતે સારો ક્રિકેટર કોણ કહેવાતો ?

સ.૪:- એ વખતે શા માટે બેઉ પક્ષના દાવ જલ્દી પૂરા થઇ જતાં ?

સ.૫:- એ વખતે ક્રિકેટ રમનારાઓમાંથી કોને મોટું માન મળતું હતું ?

સ.૬:- પહેલ વહેલી મેચ ક્યારે રમાઇ ?

સ.૭:- "બોલિંગ" એટલે શું ?

સ.૮:- "ફિલ્ડીંગ" એટલે શું ?

કસોટી બારમી પૂરી થઇ. હવે કસોટી ૧૦મી લઇએ.

## ક સો ટી - ૧૦

આ કસોટીમાં તમારે રૂઢિપ્રયોગોના અર્થ આપવાના છે. રૂઢિ-પ્રયોગના અર્થ અત્યાર સુધી ગોળ કુંડાળું કરીને આપ્યા છે. ~~(રૂઢિ પ્રયોગના અર્થ અત્યાર સુધી ગોળ કુંડાળું કરીને આપ્યા છે)~~ તેજ રીતે આપવાના છે.

હવે ત્રણ રૂઢિ પ્રયોગ સાંભળવા તૈયાર રહો. તૈયાર ? સાંભળો:-

રૂઢિ પ્રયોગ ૧લો:- દહીંમા અને દૂધમાં પગ રાખવો.

રૂઢિ પ્રયોગ ૨જો:- એકલે હાથે કાન કરવું.

રૂઢિ પ્રયોગ ૩જો:- જીવ ખાવો.

રૂઢિ પ્રયોગ ૪થો:- આભ તૂટી પડવું.

તમારા જવાબો ટાંકતા જજો.

કસોટી ૧૧મી.

હવે કસોટી ૧૧મી લઇએ. આ કસોટીમાં તમારે કહેવતોના અર્થ શોધવાના છે. કહેવતો સાંભળતા જાઓ. જવાબો ટાંકવાનું ભૂલશો નહિં. કહેવત સાંભળવા તૈયાર ? સાંભળો.

ક. ૧લી:- પાણી પહેલા પાળ બાંધવી.

ક. ૨જી:- ઝાઝા હાથ રળિયામણા.

ક. ૩જી:- ભાવતું હતું અને વૈદે કીધું.

ક. ૪થી:- ચમડી તૂટે પણ દમડી ન છૂટે.

કસોટી ૧૧મી પૂરી થઇ. હવે કસોટી ૮મી લઇએ.

## કસોટી ૮મી.

આ કસોટીમાં તમારે શબ્દના અર્થ શોધવાના છે. તેના જવાબો ઊભી સીધી લીટીને બદલે આડી સીધી લીટીમાં આપ્યા છે, તે સમજવા માટે મહાવરો લઈએ. મહાવરા માટેનો શબ્દ સાંભળવા તૈયાર ? સાંભળો. નારાજ. આ શબ્દનો અર્થ ચાર જવાબમાંથી શોધવાનો છે. તે વાંચો, શબ્દ પહેલો "ક" ગુસ્સો, "ખ" બીક, "ગ" ઇચ્છો "ઘ" અણગમો. કયો જવાબ સાચો ગણીશું ? "ઘ" ખરું ને ? માટે "ઘ" ફરતું કૂંડાળું કરો. આ જવાબ કેવી રીતે આપવાના છે તે સમજાયું ને ? હવે શબ્દ સાંભળવા તૈયાર ? સાંભળો. શબ્દ ટાંકતા જજો. શબ્દ સાંભળો.

શબ્દ – ૧ બેજવાબદાર

શબ્દ – ૨ પર્વત

શબ્દ – 3 અનાજ.

શબ્દ – ૪ ધગશ.

કસોટી આઠમી પૂરી થઈ. હવે કસોટી ૯મી લઈશે.

## કસોટી – ૯મી.

કસોટી નવમીમાં તમારે શબ્દના વિરોધી અર્થ બતાવતો શબ્દ શોધવાનો છે. માટે શબ્દ સાંભળવા તૈયાર રહો. તૈયાર ? સાંભળો.

-! ૨૯ !-

શબ્દ - ૧ સુંવાળું. શબ્દ - ૩ મંગળ
શબ્દ - ૨ કોમળ. શબ્દ - ૪ ભાગ્યવાન.

કસોટી નવમી પૂરી થઇ. હવે કસોટી ૧૩મી લઇએ.

કસોટી - ૧૩મી.

આ કસોટીમાં તમને કેટલાંક વાકયો સંભળાવાશે. તે વાકયો સાંભળ્યા પછી તે વાકયની વાત સાચી છે, ખોટી છે કે ચોક્કસપણે સાચી કે ખોટી ન કહી શકાય તેવી છે તે તમારે નક્કી કરવાનું છે. જો સંભળાવાયેલા વાકયમાં કહેલી વાત સાચી લાગે તો સા ઉપર કૂંડાળું કરવાનું છે. અને જો વાત ખોટી લાગે તો ખો ઉપર કૂંડાળું કરવાનું છે. જો વાકયમાં સંભળાવાયેલી વાત સાચી કે ખોટી ચોક્કસ પણે કહી ન શકાય તેમ હોય તો ન ઉપર કૂંડાળું કરવું જોઇએ. આ વાત સમજવા માટે આપણે મહાવરો કરીએ. તે માટે એક વાકય સાંભળો.

વા ૧લું:- ગોળાના પાણી કરતાં બરફ ઠંડો હોય છે. આ વાકયની વાત કેવી ગણાય ? સાચી. તો કયા અક્ષર ફરતું કૂંડાળું કરશો ? સા ઉપર ખરૂંને ? હવે વાકય બીજું લઇએ.

વા ૨જું:- વર્ગમાં અનિયમિત રહેનાર વિદ્યાર્થીને ભણવામાં રસ હોતો નથી.

આ વાકયની વાત ચોક્કસ પણે સાચી કે ખોટી ન કહી શકાય કારણકે કોઇ વિદ્યાર્થી ભણવામાં રસ હોવા છતાં માંદગીને કારણે, બસને કારણે, કે ઘરની બીજી જવાબદારીને કારણે મોડો આવે. તેથી કયા અક્ષર ફરતું કૂંડાળું કરશો?

ન" ઉપર ખરૂં ને ? હવે કેવી રીતે કામ કરવાનું છે તે સમજાયું ને ? હવે આવાં કુલ ચાર વાકયો તમને સંભળાવાશે. સાંભળવા તૈયાર ? સાંભળો અને જવાબો આપતા જાઓ તથા જવાબો ઢાંકતા પણ જજો. વાકય સાંભળો.

વા. ૧ લું:- માછલી લાંબો વખત પાણી વિના જીવી શકે છે.

વા. ૨ જું:- સગી માતાની ઉંમર પોતાના પુત્ર કરતાં મોટી હોય છે.

વા. ૩ જુ:- મોડા ઉઠનારની તબિયત સારી હોતી નથી.

વા. ૪ થી:- ઇ. સ. પૂર્વે એટલે ઇસુ ખ્રિસ્તી પછીનો સમય.

કસોટી તેરમી પૂરી થઈ. તમારું ઉત્તરપત્ર બંધ કરો. હવે કસોટી વીસમી લઈએ.

કસોટી - ૨૦મી

આ કસોટીમાં તમે વાકયના શબ્દો કેટલા યાદ રાખી શકો છો તે જાણવાના હેતુથી ચાર વાકયો એકી સાથે તમને સંભળાવાશે. ત્યારપછી તમારે તે વાકયમાં રાખેલી જગ્યા પૂરવાની છે. આ માટે મહાવરો કરીએ. મહાવરા માટે ત્રણ વાકયો સાંભળો. પેન્સિલ નીચે મૂકો.

વા. ૧લું:- સામેનું મંદિર આરસપહાણનું છે.

વા. ૨જું:- તે શાળાને બે માળ છે.

વા. ૩જું:- પંખા વીજળીથી ચાલે છે.

હવે તમારું ઉત્તરપત્ર ખોલો. અને આ વાક્યોની ખાલી જગ્યા મહાવરામાં આપી છે તે જુઓ. તમારું ઉત્તરપત્ર ફરીથી બંધ કરો.

કામ કેવી રીતે કરવાનું છે તે સાંભળ્યું ને? જવાબ આપતી વખતે કંપાસ દ્વારા તમારા જવાબ ઢાંકતા જાઓ. હવે ચાર વાક્યો ધ્યાન દઈને સાંભળો. પેન્સિલ નીચે મૂકો. સાંભળવા તૈયાર ? સાંભળો....

વા. ૧લું:- અમારી બસનો રંગ પીળો અને લાલ છે.
વા. ૨જું:- તેની વાણી ખૂબ મીઠી છે.
વા. ૩જું:- સૂર્યનો તાપ વનસ્પતિ માટે જરૂરી છે.
વા. ૪થું:- આવો, આવો, તમે ક્યાંથી ?

હવે આ વાક્યોની ખાલી જગ્યાઓ ઉત્તરપત્ર ખોલીને પૂરો. કસોટી ૨૦મી પૂરી થઈ.

હવે કસોટી ૩૨મી લઈએ.

## કસોટી - ૩૨મી.

આ કસોટીમાં તમે કેટલું વિચારી શકો છો તે જાણવાના હેતુથી કેટલાક કોયડાઓ પૂછાશે. આ કોયડાઓમાં કેટલાક કોયડાઓ બે જવાબવાળા છે. કેટલાક ત્રણ જવાબવાળા અને કેટલાક કોયડાઓ ચાર જવાબવાળા છે. આ કોયડાઓ કેવા હશે તે સમજવા માટે મહાવરો કરીએ. પહેલાં બે જવાબવાળા કોયડાનું ઉદાહરણ લઈએ.

કો. ૧લો:- અ, બ કરતાં નાનો છે.
અને અ, ક કરતાં મોટો છે.
તો બ, ક કરતાં કેવો કહેવાય ?

કો. ૧લા સામેના બે જવાબો વાંચો. વાચ્યાને ? અહીં "બ" કેવો છે ? મોટો. તો "ખ" ફરતું કુંડાળું કરો.

હવે કોયડો બીજો લઈએ.

કો. ૨જો:- વરસાદથી જમીન ભીની થાય છે.
અત્યારે અહીંથી જમીન ભીની છે.
માટે વરસાદ આવ્યો હશે.

જમીન ભીની છે. માટે વરસાદ આવ્યો હશે.
કો. બીજાના ત્રણ જવાબો વાંચી અને નક્કી કરો કે કયો જવાબ સાચો છે. જમીન વરસાદ સિવાય પણ ભીની થઈ શકે. પાણી છાંટવાથી, ધૂળને કારણે કે નળની પાઈપ લાઈન તુટવાથી પણ ભીની થઈ શકે. માટે કયા અક્ષર ફરતું કુંડાળું કરીશું ? "ગ" ફરતું ખરું ને ? હવે ચાર જવાબવાળા કોયડાનું ઉદાહરણ લઈએ.

કો. ૩જો:- ચકલી, બકરી, કાબર અને કબૂતરમાં કોણ
જુદું પડે છે ?
બકરી જુદી પડે ખરું ને ? માટે "ગ" ફરતું કુંડાળું કરવું જોઈએ. તે પશુ છે માટે તે જુદું પડે છે.

હવે સાચી કસોટી શરૂ થાય છે. માટે કોયડા સાંભળવા તૈયાર રહો. જવાબો ટાંકવાનું ભૂલશો નહિ. સાંભળવા તૈયાર ? સાંભળો.

કોયડો ૧લો:- પ કરતાં "ક" મજબૂત છે અને "ક" કરતાં "ડ" વધુ મજબૂત છે. માટે "ડ" "પ" થી કેવો કહેવાય ? જવાબ આપો.

કોયડો ૨જો:- રતનપુર ગામે રેલ્વે બંધાઇ. રેલ્વેને કારણે ખૂબ પાણી ભરાયાં. આથી માણીઅને મચ્છરોનો ઘણો ત્રાસ થયો. આથી રતનપુર ગામની રેલ્વે કાઢી નાખવી જોઇએ. જવાબ આપો.

કોયડો ૩જો:- નવલકથાકાર ગોવર્ધનરામ ત્રિપાઠીએ ઘણું ઇતર વાંચન કર્યું હતું. મોટા લેખક થવા માટે ઇતર વાંચનનો ફાળો ઘણો હતો. જ્હર્તેશ પણ ઘણું ઇતર વાંચન કરે છે. માટે તે પણ મહાન લેખક થશે. જવાબ આપો.

કોયડો ૪થો:- કૂતરો, મોર, વાઘ, સસલું અને ગાયમાંથી કોણ જુદું પડે છે ? જવાબ આપો.

બત્રીસમી કસોટી પૂરી થઇ. હવે કસોટી ૩૪મી લઇએ. આ કસોટીમાં તમને અંકગણિતના કોયડાઓ પૂછાશે. તે માટે મહાવરો કરીએ. દાખલા પહેલાની રકમ સાંભળો.

## કસોટી ૩૪મી.

દા. ૧લો:- રમેશ પાસે ૭૬ રૂ. અને ૫૦પૈસા છે. મહેશ પાસે ૧૩ રૂ. અને ૫૦ પૈસા છે; ત્યારે સુરેશ પાસે એ બંને કરતા બમણા રૂપિયા છે, તો કુલ કેટલા રૂપિયા બધા એકઠા કરવાથી થાય ? —

અહીં જવાબ "ગ" સાચો છે. દાખલાની રકમ ~~સાંભળતી~~ સાંભળતી વખતે પેન્સિલ નીચે મૂકો.

<u>દા. ૨:-</u> ૨૦૦ સે.મી., ૧૦૦ સે.મી. અને એક મીટરમાં કઇ લંબાઇ વધુ ગણાય ?

અહીં જવાબ "ક" સાચો છે. કેવી રીતે જવાબ આપવાના છે તે બરાબર સમજાયું હશે. પેન્સિલ નીચે મૂકો. આ સાચી કસોટીના દાખલાની રકમ સાંભળ્યા પછી જયારે કંઇ ગણતરી કરવી હોય તો તમારા ઉત્તરપત્રના ખાલી જગ્યા પર પાછલા પાના ઉપર કે જવાબો આપેલા છે તેની આસપાસ જગ્યામાં તમે ગુણાકાર, ભાગાકાર, સરવાળા કે બાદબાકી કરી શકશો. પણ દાખલાની રકમ સાંભળતી વખતે કશુંજ લખવાનું નથી. પેન્સિલ નીચે મૂકો.

<u>દાખલા પહેલાની રકમ સાંભળો.</u>

<u>દા. ૧લો:-</u> આજે માતાની ઉંમર પાંચ ગણી મોટી છે. જો પુત્રની ઉંમર આજે પાંચ વર્ષની હોય તો માતાની ઉંમર કેટલી હશે ? ... પેન્સિલ નીચે મૂકો.

<u>દા. ૨જો:-</u> ગીતા પાસે ૯૪રૂ. છે. તેમાંથી તે ૧૯રૂ.ના પુસ્તકો ખરીદે છે. તો બાકી કેટલા રૂ. ~~[illegible]~~ તેની પાસે રહયા હશે? ... પેન્સિલ નીચે મૂકો. અને જવાબો ઢાંકયા છે ? ઢાંકો.

<u>દા. ૩જો:-</u> સ્મિતા એક પેન ૪રૂ. ૩૯પૈસામાં ખરીદે છે અને પરૂ. ૨૯પૈસામાં વેચે છે. તો તેને કેટલો ફાયદો કે ખોટ જશે ?

દા.૪થો:- પેન્સિલ નીચે મૂકો. ૫૦૦મીલીગ્રામ, ૫૦૦ગ્રામ, ૫૦૦સેન્ટીગ્રામમાં સૌથી વધુ વજન કયું કહેવાય ?

કસોટી ૩૪મી પૂરી થઇ હવે કસોટી ૩૩મી લઇએ.

## ક સો ટી ૩૩

હવે તમારે વાકયમાંથી શબ્દ શોધી આપવાના છે. આ માટે તમને બે વાકયો અપાશે. એક વાકય તમારા ઉત્તરપત્રમાં છાપેલું છે. તેમાં એક શબ્દ ઘાટો છે. તે શબ્દ જેવોજ બીજો શબ્દ તમારે બીજાં સાંભળેલા વાકયમાંથી શોધવાનો છે. એ વાકય તમારા ઉત્તરપત્રમાં છાપ્યું નથી. તમને તે ટેઇપ રેકર્ડર ઉપર સંભળાવાશે. તમારે શોધેલો શબ્દ આંકડા બેની સામેની લીટી નીચે લખવાનો છે. આ કામ કેવી રીતે કરવાનું છે તે સમજવા માટે મહાવરો કરીએ. ઉ.ત.:- વાકય પહેલું:- "ઝાડ ઉપરથી પાન ખર્યું". અહીં કયો શબ્દ ઘાટા અક્ષરવાળો છે ? "પાન". એટલે કે ક્રિયા કરનાર શબ્દ ઘાટો છે. કોણ ખર્યું ? "પાન", ખરવાની ક્રિયા પાન કરે છે. હવે તમને બીજું વાકય સંભળાવાય છે. સાંભળો "કોયલ ટહુકા કરે છે". વાકયમાં ટહુકવાની ક્રિયા કોણ કરે છે ? "કોયલ". તો તમારે નંબર બેની સામે "કોયલ" શબ્દ લખવાનો છે. લખો. હવે ઉદાહરણ બીજું લઇએ.

ઉ.ત.૨. વાકય પહેલું:- "આગગાડી અટકી". અહીં કયો શબ્દ ઘાટો છે ? "અટકી". એટલેકે ક્રિયા બતાવનાર શબ્દ ઘાટો છે. તમારે બીજાં બોલાએલાં વાકયમાંથી ક્રિયા બતાવનાર શબ્દ શોધી નંબર બે સામે લખવાનો છે. હવે વાકય બીજું સાભળો. "બહેને ઓરડી સાફ કરી." ક્રિયા બતાવનાર કયો શબ્દ સાંભળ્યો? "કરી". ખરૂંને? નંબર બેની સામે "કરી" શબ્દ લખો. હવે ઉદાહરણ ત્રીજું લઇએ.

ઉ.ત.૩:- વાકય પહેલું. " મા ભજન શીખવે છે ".

અહીં શું શીખવાની ક્રિયા થાય છે ? " "ભજન". તમારે શું

તમારે શું પૂછવાથી જે શબ્દ આવે તેવો શબ્દ શોધી નંબર બેની સામે લખવાનો છે. હવે વાક્ય સાંભળો. "બારોટે સરસ વાર્તા કહી". કયો શબ્દ લખશો ? "વાર્તા" ખરૂં ને ? હવે ઉદાહરણ ચોથું લઇએ.

ઉ.ત. ૪ વાક્ય પહેલું. "તે વૃક્ષ લીલાં છે". અહીં કયો શબ્દ ધાટો છે? "લીલાં". વૃક્ષ કેવાં છે? "લીલાં". જવાબ મળે છે. તમારે સાંભળેલાં વાક્યમાંથી આવાં વિશેષણો શોધવાનાં છે. વાક્ય સાંભળો. "શિશિરની રમત ઝડપી હતી." કયો શબ્દ લખશો ? "ઝડપી" ખરૂં ને ? હવે કામ કેમ કરવાનું છે તે સમજાયું હશે. હવે સાચી કસોટી શરૂ થાય છે. જોડ પહેલીના પહેલાં વાક્યનો ધાટો શબ્દ ધ્યાનમાં લ્યો. હવે બીજું વાક્ય સંભળાવાય છે.

વાક્ય બીજું :- "કાકી શાક સુધારે છે." (જવાબ આપો)

જોડ બીજીનું પહેલું વાક્ય વાંચો અને ધાટો શબ્દ ધ્યાનમાં લ્યો. અને વાક્ય બીજું સાંભળો.

વાક્ય બીજું:- "અર્ધો રોટલો કૂતરાને આપો."

જોડ ત્રીજીનું પહેલું વાક્ય વાંચો. ધાટો શબ્દ ધ્યાનમાં લ્યો અને વાક્ય બીજું સાંભળો.

વાક્ય બીજું :- "બ્રાહ્મણોએ ખૂબ ખાધું".

જોડ ચોથીનું પહેલું વાક્ય વાંચો. ધાટો શબ્દ ધ્યાનમાં લ્યો અને વાક્ય બીજું સાંભળો.

વાક્ય બીજું :- "નદી ગામ પાસે વહે છે."

કસોટી ૩૩મી પૂરી થઇ.

ગોઠવણીવાળા પણ અર્થ વગરનાં ચાર ઝૂમખાઓ સંભળાવાશે. તમારે તે ઝૂમખાંઓમાંથી જુદી પડતી ગોઠવણી વાળું ઝૂમખું શોધીને તમારા ઉત્તરપત્રમાં લખવાનું છે. તમારા ઉત્તરપત્રમાં આપેલી સૂચના વાંચો...

સૂચના: પહેલી:-

ગોઠવણી પહેલી:- કકમ - ટપક - કકગ - કકર.

આ ગોઠવણીમાં ટપકા સિવાયનાં ઝૂમખાંઓ "ક" થી શરૂ થાય છે. માટે ટપક ઝૂમખું જુદું ગણાય. હવે ગોઠવણી બીજી જુઓ.

ગોઠવણી બીજી:- જઉ - પઉ - કઉ - ઇઉ

આ ગોઠવણીમાં છેલ્લું ઝૂમખું સ્વરથી શરૂ થાય છે. માટે જુદું ગણાય. ગોઠવણી ૩જી અને ૪થી સાંભળો. તે તમારી જાતે કરવાની છે. સાંભળો - ગોઠવણી ત્રીજીનાં ઝૂમખાંઓ.

ગોઠવણી ત્રીજી:- પેન્સિલ નીચે મૂકો. ચપી - ચુપ - ચપી - ચપી.

ગોઠવણી ચોથી સાંભળો.

ગોઠવણી ચોથી:- લીપટ - લીપુટ - લીપીટ - લપટ.

ગોઠવણી ૩જીનો "ચુપ" જવાબ છે. ચોથીનો "લપટ" સાચો જવાબ છે. કામ કેમ કરવાનું છે તે હવે સમજાયું ને ?

હવે સાચી કસોટી શરૂ થાય છે. સાંભળતી વખતે પેન્સિલ નીચે મૂકો. ગોઠવણી સાંભળવા તૈયાર ? સાંભળો.

ગોઠવણી પહેલી:- છુમ છુલ છુત છાપ ... જવાબ લખો અને ઠેકતા જાઓ.

ગોઠવણીબીજી :- વાલસુ પાલસુ ઇલસુ ગાલસુ. જવાબ લખો અને ઠેકતા જાઓ.

ગોઠવણી ત્રીજી: - તુઆ તુજ તુઇ તુઉ. જવાબ લખો અને ઠેકતા જાઓ.

ગોઠવણી ચોથી:- ૫૫૮ ૫૫૭ ૩૫૬ ૫૫૬. જવાબ લખો અને ઠેકતા જાઓ.

કસોટી ૩૦મી પૂરી થઇ. હવે કસોટી ૩૧મી લઇએ.

## કસોટી - ૩૧.

આ કસોટીમાં પણ કસોટી ૩૦મીની માફક જુદું પડતું ઝૂમખું તમારે શોધવાનું છે. તેમાં પણ તમને વળી કે ત્રણત્રણ અક્ષરોની જુદીજુદી ગોઠવણીવાળાં અર્થવાળા ચારચાર શબ્દો સંભળાવાશે. તમારે તે શબ્દોમાંથી જુદો પડતો શબ્દ શોધીને તમારા ઉત્તર પત્રમાં લખવાનો છે. તમારાં ઉત્તરપત્રમાં આપેલી સૂચના વાંચો.

ગોઠવણી પહેલી :- રીત - ભાત - પાત - જાત.

જવાબ લખો અને ઠેકતા જાઓ.

-। પાનું ફેરવો ।-

આ ગોઠવણીમાં પહેલા સિવાયના ત્રણે શબ્દ "આ"થી શરૂ થાય છે. ત્રણે શબ્દમાં પહેલા અક્ષરમાં આ ભળેલો છે. જયારે પહેલા શબ્દના પહેલા અક્ષરમાં "ઇ" ભળેલો છે. હવે ગોઠવણી બીજી વાંચીએ.

ગો. ૨જી:- પડ - વડ - બંડ - દડ.

આ ગોઠવણીમાં બીજા શબ્દમાં અનુસ્વાર નથી. જયારે બાકીના બીજા શબ્દના પહેલા અક્ષર ઉપર અનુસ્વાર છે. માટે તે જુદો પડે છે.

હવે ગોઠવણી ત્રીજી અને ચોથી જાતે કરવાની છે. ગોઠવણી ત્રીજી સાંભળવા તૈયાર રહો.

ગો. ૩જી:- જગા - જરા - રજા - જમા.

આ ગોઠવણીમાં "રજા" શબ્દ જુદો પડે છે.

ગો. ૪થી:- વાણી - પૂણી - કાણી - રાણી.

કયો શબ્દ જુદો પડે છે? પૂણી.

કસોટી :-

હવે સાચી કસોટી શરૂ થાય છે. પેન્સિલ નીચે મૂકો. અને ગોઠવણી પહેલી સાંભળવા તૈયાર રહો. તૈયાર? સાંભળો.

ગોઠવણી ૧:- કમળ - મમળ - વમળ - નિર્મળ

ગોઠવણી ૨:- બાબુ - બેકાબૂ - કાબૂ - સાબૂ

ગોઠવણી ૩:- મોતી - ગોતી - જતી - રોતી.

ગોઠવણી ૪:- ગમત - સળંગ - છલંગ - પલંગ.

કસોટી ૩૧મી પૂરી થઇ.

## ક સો ટી - ૧૪:-

હવે કસોટી ૧૪મી લઇએ. આ કસોટીમાં તમે સાંભળવામાં કેટલું ધ્યાન આપી શકો છો તે જાણવા માટે તમને કેટલીક સૂચનાઓ અપાશે. તમારે તે સૂચના મુજબનું કામ કરવાનું છે. હવે સૂચનાઓ સાંભળો. તમારે આ કસોટીમાં સાચાની અને ખોટાની નિશાનીઓ સૂચના પ્રમાણે મૂકવાની છે. માટે સૂચનાઓ બરાબર સમજજો. તમને તે માટે ત્રણ આંકડાનાં ઝૂમખાં સંભળાવવામાં આવશે.

જે ઝૂમખામાં પહેલો આંકડો સૌથી મોટો હોય અને છેલ્લો આંકડો સૌથી નાનો હોય, અથવા જે ઝૂમખામાં પહેલો આંકડો સૌથી નાનો હોય અને છેલ્લો આંકડો સૌથી મોટો હોય તો ✓ ખરાની નિશાની મૂકવનાની છે. એ સિવાયના બીજા બધાં ઝૂમખાં સામે ચોકડીની નિશાની મૂકવાની છે. આ કામ કેવીરીતે કરવાનું છે તે સમજવા માટે મહાવરો કરીએ. પેન્સિલ નીચે મૂકો અને ઝૂમખું સાંભળવા તૈયાર રહો.

ઝૂમખું "ક":- ૪ - ૩ - ૧

આ ઝૂમખાના ત્રણે આંકડામાં પહેલો આંકડો ચારનો છે. અને તે સૌથી મોટો છે અને છેલ્લો આંકડો સૌથી નાનો છે. માટે સૂચના પ્રમાણે કેવી નિશાની મૂકવી જોઇએ ? ખરાની. ખરૂં ને ?

તો ઉત્તરપત્રમાં ઝૂમખા "ક" સામે રાખેલી જગા ઉપર ખરાની ✓ નિશાની મૂકો. હવે ઝૂમખું "ખ" સાંભળો અને ઝૂમખા "ખ" સાથે રાખેલી ખાલી જગ્યા ઉપર નિશાની મૂકો. પેન્સિલ નીચે મૂકો.

ઝૂમખું "ખ"        ૯ – ૩ – ૮

આ ઝૂમખામાં પહેલો આંકડો સૌથી મોટો છે. પરંતુ છેલ્લો આંકડો સૌથી નાનો નથી. માટે કેવી નિશાની આવે ? ચોકડીની ખરૂં ને ? માટે ચોકડીની નિશાની મૂકો. હવે તમારે જાતે કામ કરવાનું છે. આ માટે આંકડા ૧ અને આંકડા ૨–ની સામે રાખેલી ખાલી જગ્યા ઉપર ઝૂમખાં સાંભળતા જઇ નિશાનીઓ મૂકવાની છે. આ પણ મહાવરો છે. પેન્સિલ નીચે મૂકો. તૈયાર ? સાંભળો.

ઝૂમખું ૧લું :–        ૪ – ૬ – ૮
ઝૂમખું ૨જું :–        ૫ – ૩ – ૭

ઝૂમખા પહેલામાં ખરાની અને બીજામાં ખોટાની નિશાની આવે. સૂચના બરાબર યાદ છે ને ?

ફરીથી સાંભળો જે ઝૂમખામાં પહેલો આંકડો સૌથી મોટો હોય અને છેલ્લો આંકડો સૌથી નાનો હોય અથવા

અથવા તો જે ઝૂમખામાં પહેલો આંકડો સૌથી નાનો હોય અને છેલ્લો આંકડો સૌથી મોટો હોય તો ખરાની ✓ નિશાની મૂકવાની છે. તે સિવાયનાં બીજાબધાં ઝૂમખાં સામે ✗ ચોકડીની નિશાની કરવાની છે.

<u>ક સો ટી :-</u> હવે સાચી કસોટી શરૂ થાય છે. તમારે ચાર ઝૂમખાંની નિશાનીઓ મૂકવાની છે. સાંભળતી વખતે પેન્સિલ નીચે મૂકવાની છે. ઝૂમખું સાંભળવા તૈયાર ! સાંભળો:-

<u>ઝૂમખું ૧લું:-</u> ૯ – ૭ – ૩

<u>ઝૂમખું ૨જું:-</u> ૨ – ૫ – ૩

<u>ઝૂમખું ૩જું:-</u> ૭ – ૪ – ૯

<u>ઝૂમખું ૪થું:-</u> ૮ – ૨ – ૬

કસોટી ૧૪મી પૂરી થઇ હવે કસોટી ૧૫મી લઇએ.

<u>ક સો ટી ૧૫મી:-</u>

<u>સૂ ચ ના :-</u> આ કસોટીમાં પણ તમે કેટલી સારી રીતે સાંભળીને સમજી શકો છો તે સમજવાનો પ્રયાસ છે તે માટે તમને સ્વર અને વ્યંજન ભેગા કરીને એક પછી એક સંભળાવાશે. તમને ખબર છે કે અ, આ, ઇ, એ, ઐ, ઓ વગેરે સ્વરો છે. અને ક, ખ, ગ, ઘ, પ, ફ, બ, ભ, ષ્ર, બ, વ વગેરે બધાં વ્યંજનો છે. જ્યારે સ્વર પછી વ્યંજન બોલાય ત્યારે

ત્યારે ખરાની ✓ નિશાની કરવાની છે. અને જ્યારે વ્યંજન પછી સ્વર બોલાય ત્યારે મીંડુ (ઝીરો) મૂકવાનું છે. અને જ્યારે સ્વર પછી સ્વર અને વ્યંજન પછી વ્યંજન બોલાય ત્યારે ચોકડીની નિશાની મૂકવાની છે. આ કામ કેવી રીતે કરવાનું છે તે સમજવા માટે મહાવરો કરીએ.

તમારા ઉત્તરપત્રમાં કસોટી ૧૫ નીચે મહાવરા માટે લીસ્ટ "ક" છાપ્યું છે તે વાંચો. તેમાં આંકડા ૧, ૨, ૩, ૪ સામે અ, ~~અ~~, ક, ઇ, બ અનુક્રમે લખેલા છે. તેમાં પહેલો અક્ષર અ છે. અને તેની પછી "ક" આવેલો છે. "અ" એ સ્વર છે. અને "ક" એ વ્યંજન છે. જો સ્વર પછી વ્યંજન આવે તો કઇ નિશાની મૂકવાની છે ? ✓ ખરાની. ખરૂંને ? તો અક્ષર "ક"ની સામે ખરાની નિશાની મૂકો. "ક" પછી "ઇ" આવેલો છે. એટલે કે સ્વર પહેલાં વ્યંજન આવેલો છે. વ્યંજન પછી સ્વર આવે તો કઇ નિશાની મૂકવી જોઇએ ? ૦ મીંડાની – ઝીરોની. ખરૂંને ? મૂકો. "ઇ" પછી "બ" આવેલો છે, તે વ્યંજન છે. જો સ્વર પછી વ્યંજન આવે તો કઇ નિશાની મૂકવાની છે ? ખરાની નિશાની મૂકવાની છે. ખરૂંને ? તો "બ" સામેની ખાલી જગ્યા પર ✓ નિશાની મૂકો. હવે લીસ્ટ "ખ" તમારે મહાવરા માટે જાતે કરવાનું છે. તે મહાવરોજ છે. લીસ્ટ "ખ" ના અક્ષરો સાંભળતા જાઓ અને તુરતજ નિશાની મૂકતા જાઓ. તમને પહેલો અક્ષર સંભળાવાય ત્યારે કશી નિશાની મૂકવાની નથી પરંતુ બીજો અક્ષર સંભળાવા

પછી આંકડા ૧, ૨, ૩, ૪, સામે એક પછી એક નિશાની મૂકતા જજો. હવે અક્ષરો સાંભળવા તૈયાર થાવ.

યાદ રાખો કે આ નિશાનીઓ લીસ્ટ "ખ" સામે રાખેલી જગ્યા પર મૂકવાની છે.

<u>મહાવરો</u> લીસ્ટ "ખ"
૧. ક
૨. ખ નિશાનીમૂકો.
૩. એ નિશાની મૂકો.
૪. પ નિશાની મૂકો.
૫. વ નિશાની મૂકો.

હવે કામ કેવી રીતે કરવાનું છે તે સમજાયું ને ? અહીં આંકડા ૧ સામે ચોકડી, આંકડા ૨ સામે મીંડું, આંકડા ત્રણની સામે ખરાની નિશાની અને આંકડા ચારની સામે ચોકડીની નિશાની મૂકી હોય તો તે જવાબો સાચા ગણાય.

હવે સાચી કસોટી શરૂ થાય છે. તેની નિશાનીઓ લીસ્ટ "ગ" સામે રાખેલી ખાલી જગ્યા પર મૂકવાની છે. લીસ્ટ "ગ" ના અક્ષરો સાંભળવા તૈયાર ? સાંભળો.

લીસ્ટ "ગ" –
૧. ૨
૨. વ નિશાની મૂકો.
૩. ત નિશાની મૂકો.
૪. અ નિશાની મૂકો.
૫. ઉ નિશાની મૂકો.

કસોટી ૧૫મી પૂરી થઇ. હવે કસોટી ૧૬મી લઇએ.

કસોટી ૧૬મી:-

સૂચના:- આ કસોટીમાં તમે સાંભળવામાં કેટલું ધ્યાન રાખી શકો છો અને જાણવાના હેતુથી તમને આંકડા ૧, ૨, ૩, ૪, અને ૫ ની અદલા બદલી કરવાનું કહેવામાં આવશે. આ અદલા બદલી કેવી રીતે કરવાની છે તે સમજીએ. તમારા ઉત્તરપત્રમાં આપેલી સૂચનાઓ વાંચો. તેમાં આંકડા ૨ અને ૩ ની અદલા બદલી કરો અને નવો ક્રમ લખો તેવી સૂચના આપી છે. જો તે સૂચના પ્રમાણે અદલા બદલી કરીએ તો આંકડા "૨" અને ૩ ની જગ્યાએ અને આંકડા "૨" ને આંકડા "૩"ની જગ્યાએ મૂકવો જોઇએ. અને તે પ્રમાણેનો નવો ક્રમ ૧ - ૩ - ૨ - ૪ - ૫ થશે. આ સૂચનામાં આંકડા "૨" અને ત્રણને "૪" બદલવાનું કહેવામાં આવ્યું હતું. તેથી તેજ આંકડા બદલ્યા છે. બાકીના આંકડા ત્યાંના ત્યાંજ રહે છે. આ સૂચના યાદ રાખવાની અને સાથે સાથે તમારે ૧-૨-૩-૪-૫ આંકડાનો ક્રમ યાદ રાખવો જોઇએ. તો તમારા જવાબો સાચા પડે.

હવે સૂચના ૨જી અને ૩જી પ્રમાણે તમારે જાતે અદલા-બદલી કરવાની છે. તે મહાવરો જ છે. હવે સૂચના બીજી સાંભળવા તૈયાર રહો. તૈયાર ? સાંભળો.

સૂચના - ૨ :- આંકડા ૩ અને ૫-ની અદલાબદલી કરો અને નવો ક્રમ લખો.

<u>હવે સૂચના ત્રીજી સાંભળો:-</u>

સૂચના ૩જી:- આંકડા ૫ અને ૩ આંકડા જે પછી મૂકો અને નવો ક્રમ લખો.

સૂચના બીજીનો નવો ક્રમ ૧-૨-૫-૪-૩ થશે અને સૂચના ત્રીજીનો નવો ક્રમ ૧-૨-૫-૩-૪ થશે. તમને ખ્યાલમાં આવી ગયું છે કે સૂચનામાં બદલવાના કહેલા કે બીજે સ્થળે લખવાના કહ્યા હોય તેજ આંકડાની અદલાબદલી કરવાની છે. બીજા આંકડાને ત્યાંનેત્યાંજ રહેવા દેવાના છે. હવે સાચી કસોટી શરૂ થાય છે. સૂચના પહેલી સાંભળવા તૈયાર રહો. સાંભળવા તૈયાર ? સાંભળો.

<u>કસોટી:-</u>

<u>સૂચના પહેલી :-</u> આંકડા ૩ ને આંકડા ૧ની પહેલા મૂકો અને નવો ક્રમ લખો.

<u>સૂચના બીજી :-</u> આંકડા ૪ અને ૨ ની અદલાબદલી કરી નવો ક્રમ લખો.

<u>સૂચના ત્રીજી :-</u> આંકડા ૨ ને આંકડા ૫ પછી મૂકો અને નવો ક્રમ લખો.

સૂચના ચોથી:- આંકડા ૧ અને ૨ ને આંકડા ૫ પછી મૂકો અને નવો ક્રમ લખો.

કસોટી સોળમી પૂરી થઈ.

કસોટી ૧૭:-

આ કસોટીમાં પણ તમે સાંભળવામાં કેટલું ધ્યાન રાખી શકો છો તે સમજવાનો પ્રયાસ છે. તેમાં તમને પહેલા એક શબ્દ સંભળાવવામાં આવશે. ત્યારબાદ બે વાકયો સંભળાવાશે. તમારે તે બે વાકયોમાંથી કયા વાકયમાં તમને સંભળાવાયેલો શબ્દ વપરાયો છે તે શોધી કાઢવાનું છે. અને વાકય સામેના અક્ષર "અ" કે "બ" ફરતું કુંડાળું કરવાનું છે. તે માટે મહાવરો કરીએ. મહાવરા માટે શબ્દ સાંભળવા તૈયાર રહો. શબ્દ સાંભળો.

શબ્દ:- <u>ચોરી</u> હવે વાકય સાંભળો.

<u>વાકય "અ"</u> :- ચોરી કરવી તે પાપ છે.

<u>વાકય "બ"</u> :- કન્યાને ચોરીમાં પધરાવો.

તમને સંભળાયેલો શબ્દ કયા વાકયમાં તમે સાંભળ્યો ? વાકય "અ" કે વાકય "બ"માં બંને શબ્દમાં એક શબ્દનો ઉચ્ચાર સાંકડો અને બીજાનો પહોળો છે. તમને સંભળાવાયેલા શબ્દનો ઉચ્ચાર સાંકડો હતો તે વાકય "અ" માં સંભળાવાયો હતો. માટે તમારે મહાવરામાં આપેલા આંકડા ૧ની સામે "અ" ની ફરતું કુંડાળું કરવું જોઈએ. સાંકડા ઉચ્ચારવાળા શબ્દનો અર્થ ચોરી એટલેકે લઈ લેવું તેમ થાય, જયારે ચોરી શબ્દનો અર્થ વર-કન્યા ફેરાફરે તે સ્થળ તેવો થાય.

હવે બીજું ઉદાહરણ લઈએ. સાંભળવા તૈયાર ? સાંભળો.

શબ્દ બીજો:- ઈમાન - હવે વાક્યો સાંભળો.

વાક્ય "અ" :- ઈનામ પ્રથા નુકશાનકારક છે.

વાક્ય "બ" :- ઈમાન દરેક વ્યક્તિમાં જોઈએ. જવાબ લખો.

ક્યા વાક્યમાં શબ્દ સાંભળ્યો ? "બ" ખરૂંને ?

હવે તમારે કુલ ચાર શબ્દો આ રીતે શોધવાના છે. અહીં હવે સાચી કસોટી શરૂ થાય છે. જવાબ ઢાંકવાનું ભૂલશો નહિ. શબ્દ સાંભળો. તૈયાર ? સાંભળો.

કસોટી :-

શબ્દ પહેલો - ચોળી.

વાક્ય "અ" :- સ્ત્રીઓની ચોળીઓ ઘણા આકારની સિવાય છે.

વાક્ય "બ" :- ઉનાળુ શાકમાં ચોળી પણ મળે. જવાબ લખો.

હવે શબ્દ બીજો સાંભળવા તૈયાર રહો.

શબ્દ બીજો - રાસ.

વાક્ય "અ" :- તેના ઘરમાં સરસ રાચ છે.

વાક્ય "બ" :- તે મંડળના રાસ ઘણા વખણાય છે. જવાબ લખો.

શબ્દ ત્રીજો - દાળ.

<u>વાકય "અ"</u> :- આંબાની ડાળ બટકણી હોતી નથી.

<u>વાકય "બ"</u> :- અડદની દાળ પૌષ્ટિક ગણાય છે.
જવાબ લખો. શબ્દ ચોથો સાંભળો.

<u>શબ્દ - ચોથો</u> - સફર.

<u>વાકય "અ"</u> :- તમારી સફર આનંદદાયક હો.

<u>વાકય "બ"</u> :- તમે પરીક્ષામાં સફળ થાઓ જવાબ લખો.

કસોટી ૧૭મી પૂરી થઈ.

<u>કસોટી - ૧૮મી:-</u>

કસોટી અઢારમી લઈએ.

આ કસોટીમાં તમારે એક વાકય સાંભળવાનું છે. અને સાંભળીને તરતજ લખી નાખવાનું છે. તે માટે મહાવરો કરીએ. આ માટે તમને એક વાકય સંભળાવાશે. સાંભળવા તૈયાર ? સાંભળો.

<u>વાકય પહેલું:-</u> અત્યારે કબૂતરોનો ફફડાટ સંભળાયા છે.
લખો.

આ કેવી રીતે કરવાનું છે તે સમજાયું ને ? હવે સાચી કસોટીમાં આ રીતે ચાર વાકયો લખવાનાં છે. સાંભળવા તૈયાર ? સાંભળો અને લખતા જાવ. સાંભળતી વખતે પેન્સિલ નીચે મૂકો અને આ જવાબો ઢાંકવાનું ભૂલશો

ઠાંકવાનું ભૂલશો નહિ. વાક્ય સાંભળવા તૈયાર ? સાંભળો.

<u>કસોટી :-</u>

<u>વાક્ય પહેલું</u> :- હુતુતુની હરીફાઇ જોવાની મજા આવી.

<u>વાક્ય બીજું :-</u> વનસ્પતિને કારણે ઠંડક રહે છે.

<u>વાક્ય ત્રીજું</u> :- આવતી કાલે તેઓ અહીં આવી પહોંચશે.

<u>વાક્ય ચોથું</u> :- તે દેશની સ્થિતિ ~~[illegible]~~ ખરાબ ગણાય.

કસોટી ૧૮મી પૂરી થઇ. હવે કસોટી ૧૯મી લઇએ.

<u>કસોટી ૧૯ મી :-</u>

આ કસોટીમાં પણ તમારે વાક્યો લખવાનાં છે. પણ જરા જુદી રીતે યાદ કરીને લખવાનાં છે. તેમાં તમને બે વાક્યો એક સાથે સંભળાવાશે. તેમાંથી જ્યારે પહેલું વાક્ય ટેઇપરેકોર્ડર પરથી સંભળાવાય ત્યારે તેની સાથેનું બીજું બોલાયેલું વાક્ય યાદ કરીને તમારે લખવાનું છે. આ માટે આપણે મહાવરો કરીએ. મહાવરા માટે તમને બે વાક્યોની ત્રણ જોડ (એટલે કે કુલ છ વાક્યો) સંભળાવાશે. તે ધ્યાન દઇને સાંભળો અને યાદ રાખો. સાંભળતી વખતે પેન્સિલ નીચે મૂકો અને તમારું ઉત્તરપત્ર બંધ કરો.

<u>જોડ પહેલી</u>:- <u>વાક્ય પહેલું</u>:- એસ. ટી. બસ રસ્તા વચ્ચે ખોટવાઇ.
વાક્ય બીજું:- મુસાફરોને પાણી પીવા ન મળ્યું.

જોડ બીજી:-

વાકય ૧લું:- ગિરધરલાલ સીડીથી પડયા.

વાકય રજું:- તેઓ તરતજ બેભાન થઇ ગયા.

જોડ ત્રીજી:-

વાકય ૧લું:- રાત્રે મોડે સુધી ખૂબ વાંચ્યુ.

વાકય રજું:- બીજે દિવસે સવારે મોડું ઉઠાયું.

હવે આ ત્રણેય જોડનું પહેલું - પહેલું વાકય આડા અવળા ક્રમમાં તમને સંભળાવાશે. તમારે તેની સાથેનું વાકય યાદ કરીને લખતા જવાનું છે. યાદ રાખો કે અહીંથી બોલાયેલું વાકય લખવાનું નથી પણ તેની સાથે બોલાયેલું વાકય યાદ કરીને લખવાનું છે. વાકય સાંભળવા તૈયાર ? સાંભળો.

વાકય ૧લું:-

ગિરધરલાલ સીડીથી પડયા.

આ વાકયની સાથે કયું વાકય બોલાયું હતું? તેઓ તરતજ બેભાન થઇગયા: ખરૂંને ? બરાબર તે વાકય લખો. હવે સમજ પડીને ? હવે તમારે જાતે વાકય લખવાના છે.

વાકય રજું:- રાત્રે મોડે સુધી ખૂબ વાંચ્યુ.

<u>વાક્ય ૩જું:-</u> એસ. ટી. ની બસ રસ્તા વચ્ચે ખોટવાઇ.

હવે કામ કેવી રીતે કરવાનું છે તે સમજાયું હશે. તમારે આ રીતે ચાર વાક્યો લખવાના છે. આ ચારેય વાક્યોની દરેક શબ્દ જેમનો તેમ યાદ ન રહે તો તે વાક્યમાં કહેલી વાતનો અર્થ આવી જાય તેવું વાક્ય લખો તો પણ ચાલે. ઉદાહરણ તરીકે મહાવરા પહેલાનાં વાક્યમાં તેઓ તરતજ બેભાન થઇ ગયા. તેવું લખવાને બદલે તેઓનું ભાન ગયું તેવું લખો તો પણ ચાલે. વાક્ય બીજામાં—"બીજા દિવસે સવારે મોડું ઉઠાયું લખવાને બદલે લખવાને બદલે બીજે દિવસે સવારે વહેલું ન ઉઠાયું અથવા તો ઉઠવામાં મોડું થયું તેવું લખો તો પણ ચાલે. તેવું ત્રીજામાં—"મુસાફરોને પાણી પીવા ન મળ્યું". તેમ લખવાને બદલે મુસાફરો તરસ્યા રહ્યા તેમ લખીએ તો ચાલે. બરાબર સમજાયું ? હવે આવી કસોટી શરૂ થાય છે. તે માટેની ચાર જોડ વાક્યો સાંભળવા તૈયાર રહો. પેન્સિલ નીચે મૂકો. ઉત્તરપત્ર બંધ કરો. સાંભળવા તૈયાર ? સાંભળો.

<u>જોડ પહેલી:-</u>

<u>વાક્ય ૧:-</u> જરા ભાર દઇને લખ્યું.

<u>વાક્ય ૨:-</u> પેન્સિલની અણી બટકી ગઇ.

<u>જોડ બીજી:-</u>

<u>વાક્ય ૧:-</u> અતુલે ઘણું ઇતર વાંચન કર્યું.

<u>વાક્ય ૨:-</u> નિબંધ હરીફાઇમાં પ્રથમ ઇનામ મળ્યું.

જોડ ત્રીજી:-

વાકય ૧:- મકાન ઘણાં વર્ષો બંધ રહ્યું.

વાકય ૨:- ઉધઈએ ઘણું નુકશાન કર્યું.

જોડ ચોથી:-

વાકય ૧:- આ ચોમાસે ખૂબ તોફાન થયું.

વાકય ૨:- ઘણા લોકોએ મિત્રોને ત્યાં આશરો લીધો.

વાકયની જોડ સાંભળીને ? હવે તેમનું પહેલું વાકય આડાઅવળા ક્રમમાં બોલાશે. તમારે તેની સાથે બોલાએલું વાકય યાદ કરીને લખતા જવાનું છે. વાકય સાંભળવા તૈયાર ? સાંભળો.

વાકય ૧લું:- અતુલે ઘણું ઈતર વાંચન કર્યું. જવાબ ટાંકો.

વાકય ૨જું:- આ ચોમાસે ખૂબ તોફાન થયું - " -

વાકય ૩જું:- જરા ભાર દઈને લખ્યું. - " -

વાકય ૪થું:- મકાન ઘણાં વર્ષો બંધ રહ્યું. - " -

કસોટી ૧૯મી પૂરી થઈ. તમારું ઉત્તરપત્ર બંધ કરો.

કસોટી ૨૧મી માટેનાં વાકયો:-

હવે તમને ચાર વાકયો સંભળાવાશે. તમારે તે વાકયોની ખાલી જગ્યા સૂચના આપવામાં આવે ત્યારે પૂરવાની છે. પેન્સલ નીચે મૂકો અને વાકયો સાંભળો.

વાકય ૧લું:- આકાશમાં વિમાન કેટલું ઝડપથી ઊડે છે?

વાકય ૨જું:- અકસ્માતમાં ઘણા માણસો માર્યા ગયા.

વાકય ૩જું:- ચોમાસામાં બાષ્પીભવન ઓછું થાય છે.

વાકય ૪થું:- ભારતનું સરેરાશ ઉષ્ણતામાન ૧૦૦ ડીગ્રી ફેરનહીટ છે.

કસોટી ૨૫-મી:-

સૂચના:-

હજુ ઉત્તરપત્ર કહેવામાં ન આવે ત્યાંસુધી ખોલશો નહીં, હવે કસોટી ૨૫મીની સૂચના સાંભળો અને સમજો. આ કસોટીમાં તમારે દરરોજ બોલીએ છીએ તેનાં કરતાં જુદીરીતે બોલાયેલા શબ્દો સાંભળીને લખવાના છે. તે માટે મહાવરો કરીએ. પેન્સલ નીચે મૂકો. શબ્દો સાંભળવા તૈયાર ? સાંભળો.

મહાવરો:- શબ્દ ૧લો:- ક્રમ...ર...ણ લખો.

શબ્દ ૨જો:- છે... લ્લું. લખો.

હવે કસોટી સાચી શરૂ થશે. કામ કેવીરીતે કરવાનું છે તે સમજાયું હશે. પેન્સલ નીચે મૂકો. શબ્દ સાંભળવા અને લખવા તૈયાર ? સાંભળો.

<u>શબ્દ ૧લો:-</u> પૂ ... ર્ણિ ... મા.

<u>શબ્દ ૨જો:-</u> અ ... જા ... ય ... બ.

<u>શબ્દ ૩જો:-</u> વિ ... વે ... ક.

<u>શબ્દ ૪થો:-</u> કુ ... દ ... ર ... ત.

કસોટી ૨૫મી હવે પૂરી થઈ. હવે કસોટી ૨૧માની ખાલી જગ્યા પૂરવાની છે. તમને કસોટી ૨૫મી પહેલાં જે વાકયો સંભળાવાયા છે તેની ખાલી જગ્યા આજ પાના પર એટલેકે પાના ૧૦મા પર સૌથી નીચે આપેલી છે. તેમાં ઝડપથી ખાલી જગ્યા પૂરો અને તમારા જવાબ ઢાંકતા જાઓ.

<u>કસોટી ૨૨મી:-</u>

હવે કસોટી ૨૨મી લઈએ. આ કસોટીમાં તમને ૧૯મી કસોટીમાં જેમ સાથે બોલાયેલાં વાકયમાંથી એક વાકય યાદ કરીને લખતાં હતાં તેજ રીતે બે સાથે બોલાયેલા શબ્દમાંથી એક શબ્દ તમારે લખવાનો છે.

આ માટે આપણે મહાવરો કરીએ. મહાવરા માટે તમને બબ્બે શબ્દોની ત્રણ જોડ એક સાથે સંભળાવાશે. તે ધ્યાન દઈને સાંભળો અને યાદ રાખો. જોડ સાંભળવા તૈયાર ? સાંભળો.

જોડ પહેલી :- છત્રી - ઝાડ

જોડ બીજી :- રમત - વાઘ

જોડ ત્રીજી :- માણસ - સોનું

હવે આ જોડીઓનો કોઇપણ પહેલો શબ્દ તમને સંભળાવાશે. શબ્દ સાંભળો - રમત , કયો શબ્દ લખવો જોઇએ ? વાઘ. મહાવરામાં આવેલા આંકડા ૧ સામેની ખાલી જગ્યામાં વાઘ લખો. હવે જોડ બીજીનો શબ્દ સાંભળો - છત્રી. કયો શબ્દ આવશે ? ઝાડ.આંકડા બેની સામે લખો. હવે જોડ ત્રીજીનો શબ્દ સાંભળો - માણસ. સોનું શબ્દ આંકડા ત્રણની સામે લખવો જોઇએ. કામ કેમ કરવાનું છે તે સમજાયું ને ? હવે સાચી કસોટી શરૂ થાય છે તે માટે શબ્દ જૂથ સાંભળવા તૈયાર થાઓ. સાંભળો. પેન્સિલ નીચે મૂકો.

જૂથ પહેલું. જોડી પહેલી :- ઓરડી - ઘડિયાળ

જોડી બીજી :- છાપું - પરદેશ

જોડી ત્રીજી :- દીવાલ - રેતી.

પેન્સિલ હાથમાં લ્યો અને શબ્દ સાંભળવા તૈયાર રહો.

જૂથ પહેલું. શબ્દ પહેલો - છાપું

શબ્દ બીજો - દીવાલ

શબ્દ ત્રીજો - ઓરડી

જૂથ બીજાંની ત્રણ જોડીઓ સાંભળવા તૈયાર રહો. પેન્સિલ નીચે મૂકો. સાંભળો.

જૂથ બીજું જોડી પહેલી :- ડાબું - એકલું

જોડી બીજી :- ગરીબ - પરીક્ષા.

જોડી ત્રીજી :- અનાજ - ચાલાક.

પેન્સિલ ~~લઇલો~~ હાથમાં લ્યો અને શબ્દ સાંભળવા તૈયાર રહો.

જૂથ બીજું    શબ્દ પહેલો :- ડાહ્યું
શબ્દ બીજો :- ગરીબ
શબ્દ ત્રીજો :- અનાજ.

જૂથ ત્રીજાંની ત્રણ જોડીઓ સાંભળવા થૈયાર રહો. પેન્સીલ નીચે મૂકો.

જૂથ ત્રીજું    જોડી પહેલી :- સોપારી - પ્રકાશ.
જોડી બીજી :- સ્વચ્છ - અભણ.
જોડી ત્રીજી :- નાનું - ખરાબ.

પેન્સીલ હાથમાં લ્યો અને શબ્દ સાંભળવા તૈયાર રહો. સાંભળો.

શબ્દ પહેલો - સોપારી
શબ્દ બીજો - નાનું
શબ્દ ત્રીજો - સ્વચ્છ.

જૂથ ચોથાની ત્રણ જોડીઓ સાંભળવા તૈયાર રહો. પેન્સીલ નીચે મૂકો.

જૂથ ચોથું    જોડી પહેલી :- દિવસ - મિત્ર.
જોડી બીજી :- પર્વત - ચાંદની.
જોડી ત્રીજી :- સાતમ - ચકલી.

પેન્સીલ હાથમાં લ્યો અને શબ્દ સાંભળવા તૈયાર રહો. સાંભળો.

શબ્દ પહેલો - સાતમ
શબ્દ બીજો - પર્વત
શબ્દ ત્રીજો - દિવસ.

કસોટી ૨૨મી પૂરી થઇ. હવે કસોટી ૨૩મી લઇએ.

કસોટી ૨૩મી:-

સૂચના:- કસોટી ૨૨મીમાં કર્યું તેજ પ્રકારનું કામ અહીં કરવાનું છે. ફેર એટલો કે કસોટી ૨૨મીમાં બે શબ્દોની જોડ સંભળાવાતી હતી, અહીં એક શબ્દ અને એક આંકડાની જોડ સંભળાવવામાં આવશે. તમારે તેમાંથી આંકડો યાદ કરીને લખવાનો છે. આ માટે આપણે મહાવરો કરીએ તે માટે ત્રણ જોડીનું એક જૂથ સાંભળવા તૈયાર રહો. સાંભળવા તૈયાર ? સાંભળો.

જોડ ૧લી : લોકો - ૧૬

જોડ ૨જી : વાદળ - ૩૫

જોડ ૩જી : પડદો - ૧૯

હવે તમને આ ત્રણ જોડીઓમાંથી પહેલો - પહેલો શબ્દ સંભળાવાય તેની સાથેનો આંકડો યાદ કરીને લખતા જવાનો છે. હવે શબ્દ સાંભળવા તૈયાર રહો. સાંભળવા તૈયાર - ? સાંભળો.

શબ્દ ૧લો:- પડદો ... અહીં કયો આંકડો લખવો જોઈએ ? ૧૯નો ખરું'ને ? શબ્દ ૨જો "લોકો". અહીં કયો આંકડો આવે ? ? ૧૬નો ખરું'ને ? હવે શબ્દ ૩જો સાંભળો - "વાદળ". ૩૫નો આંકડો આવે ખરું'ને ? - હવે કામ કેમ કરવું તે તમને બરાબર સમજાયું હશે ? હવે સાચી કસોટી શરૂ થશે. આ માટેની જોડીઓ

સાંભળવા તૈયાર રહો.

| | | |
|---|---|---|
| જૂથ પહેલું | જોડી પહેલી :- | પક્ષી - ૫ |
| | જોડી બીજી :- | ઘાસ - ૭ |
| | જોડી ત્રીજી :- | ઘર - ૧૧ |

પેન્સલ હાથમાં લ્યો અને શબ્દ સાંભળવા તૈયાર રહો.

| | | |
|---|---|---|
| જૂથ પહેલું | શબ્દ પહેલો :- | ઘાસ |
| | શબ્દ બીજો :- | ઘર |
| | શબ્દ ત્રીજો :- | પક્ષી. |

જૂથ બીજાની ત્રણ જોડીઓ સાંભળવા તૈયાર રહો.
પેન્સલ નીચે મૂકો. સાંભળો.

| | | |
|---|---|---|
| જૂથ બીજું | જોડી પહેલી :- | પ્રેમ - ૧૩ |
| | જોડી બીજી :- | પેટ્રોલ - ૫ |
| | જોડી ત્રીજી :- | વાઘ -૨૮ |

પેન્સલ હાથમાં લ્યો અને શબ્દ સાંભળવા તૈયાર રહો.

| | | |
|---|---|---|
| જૂથ બીજું | શબ્દ પહેલો :- | વાઘ |
| | શબ્દ બીજો :- | પ્રેમ |
| | શબ્દ ત્રીજો :- | પેટ્રોલ. |

જૂથ ત્રીજાનાં ત્રણ જોડીઓ સાંભળવા તૈયાર રહો.
પેન્સલ નીચે મૂકો.

હવે જૂથ ૩જું સાંભળવા તૈયાર રહો:-

જૂથ ૩જું જોડી પહેલી પંખો - ૬૪

જોડી બીજી સવાલ - ૨૬

જોડી ત્રીજી દક્ષિણ - ૫૩

હવે પેન્સિલ હાથમાં લ્યો:-

શબ્દ પહેલો - પંખો

શબ્દ બીજો - સવાલ

શબ્દ ત્રીજો - દક્ષિણ.

હવે જૂથ ચોથું સાંભળવા તૈયાર રહો:-

જૂથ ૪થું જોડી પહેલી રકમ - ૬૫

જોડી બીજી ફરિયાદ - ૭૮

જોડી ત્રીજી મંદિર - ૨૨

હવે પેન્સિલ હાથમાં લ્યો:-

શબ્દ પહેલો - મંદિર

શબ્દ બીજો - ફરિયાદ.

શબ્દ ત્રીજો - રકમ.

કસોટી ૨૩મી પૂરી થઇ હવે કસોટી ૨૪મી લઇએ.

કસોટી ૨૪મી:-

આ કસોટીમાં તમને કેટલાક અક્ષરોની હાર સંભળાવવામાં આવશે તે અક્ષરો બોલી લેવાય પછી તમારે તે અક્ષરોને જેમ છે તેમ હારમાં લખી નાખવાના છે.

આ માટે આપણે મહાવરો કરીએ.

અક્ષરો સાંભળવા તૈયાર રહો. તૈયાર ? સાંભળો.

અ ટ ર ક - લખો.

હાર બીજી સાંભળો ... દ ડ ઈ ય મ

કામ કેમ કરવાનું છે તેનો ખ્યાલ આવી ગયો હશે. હવે સાચી કસોટી શરૂ થાય છે. યાદ રાખો કે જ્યારે ટેઇપ રેકર્ડર પર કાંઇ સાંભળવાનું હોય ત્યારે પેન્સિલ નીચે મૂકી દેવાની છે. પેન્સિલ નીચે મૂકો અને લખ્યા પછી જવાબ ટાંકતા જજો. હાર સાંભળવા તૈયાર ? સાંભળો.

હાર પહેલી - ક ર પ ટ
હાર બીજી - ય ઉ ગ ય
હાર ત્રીજી - બ ઉ ભ ઉ પ
હાર ચોથી - ઓ જ ઉ જ ય ર.

કસોટી ૨૪મી પૂરી થઇ હવે કસોટી ૨૬મી લઇએ.

<u>ક સો ટી ૨૬મી:-</u>

આ કસોટીમાં તમને કેટલીક કાવ્ય પંક્તિઓ સંભળાવવામાં આવશે. તમારે તે પંક્તિઓ સાંભળ્યા પછી જેવી સાંભળી હોય તેવીને તેવી લખી નાખવાની છે. સાંભળતી વખતે પેન્સિલ નીચે મૂકી દેવાની છે. આ માટે આપણે મહાવરો કરીએ.

<u>કાવ્ય પંક્તિ પહેલી</u> - મારે તે ગામડે એકવાર આવજો.

<u>કાવ્ય પંક્તિ બીજી</u> - લ્યો લ્યો તસ્મરના લાકડાંનો ભારો.

કાવ્ય પંક્તિઓ કેવીરીતે સંભળાવાશે. અને તમને લખવાનો કેટલો સમય મળશે તેનો ખ્યાલ હવે આવી ગયો હશે. હવે સાચી કસોટી શરૂ થાય છે. કાવ્યપંક્તિ સાંભળવા તૈયાર ? સાંભળો.

કાવ્ય પંક્તિ પહેલી – દૂરે દૂરે ઝાલર વાગે.
કાવ્ય પંક્તિ બીજી – ચાલો વીંધી વન વન ચાલો.
કાવ્ય પંક્તિ ત્રીજી – પ્રભુ જીવન દે નવ જીવન દે.
કાવ્ય પંક્તિ ચોથી – રાણા પ્રતાપને શિવાજી શૂરવીર.

કસોટી ૨૬મી પૂરી થઇ હવે કસોટી ૨૭મી લઇએ.

કસોટી ૨૭મી:-

આ કસોટીમાં તમને દરરોજ બોલાય છે તેના કરતાં જુદીરીતે બોલાયેલાં વાકયો સંભળાવાશે. આ વાકયોમાં ગમે ત્યાં અટકીને બોલાતુ હશે. તમારે તે વાકય સાંભળ્યા પછી જેવું સાંભળ્યું હોય તેવુંજ લખી નાખવાનું છે. આ માટે આપણે મહાવરો કરીએ. તે માટે તમને એક વાકય સંભળાવાશે. વાકય સાંભળવા તૈયાર ? સાંભળો.
વાકય પહેલું :- " તે ધરડો, માણસે મારી, સામે જોયું"
લખો.

વાકય કેવીરીતે બોલાશે અને તમને કેટલો સમય મળશે તેનો ખ્યાલ આવી ગયો હશે. તમારે આવા આઠ વાકયો લખવાનાં છે.

હવે સાચી કસોટી શરૂ થાય છે. પેન્સલ નીચે મૂકો.

<u>વાકય પહેલું</u> :- વરસાદને કારણે, ઘણાં, મકાનો,પડી ગયાં ... પેન્સિલ નીચે મૂકો.

<u>વાકય બીજું</u> :- આજે તે, કેવી, આનંદમાં ચાલ્યો જાય છે ? ... પેન્સિલ નીચે મૂકો.

<u>વાકય ત્રીજું</u> :- તમારી પ્રકૃતિ,ખૂબ, નિયમિત રહે છે, નહિ ? પેન્સિલ નીચે મૂકો.

<u>વાકય ચોથું</u>:- ભારતમાં, પરદેશીઓ ઘણે,સ્થળે, આવજા, કરે છે". પેન્સિલ નીચે મૂકો.

તમારા જવાબો ઢાંકો . કસોટી ૨૭મી પૂરી થઈ. હવે કસોટી ૨૮મી લઈએ.

<u>કસોટી ૨૮મી:-</u>

આ કસોટીમાં પણ તમારે વાકયો લખવાનાં છે. આ વાકયો સામાન્યરીતે આપણે બોલીએ છીએ તેવાં વાકયો નથી. તમારે તમે સાંભળેલું વાકય હોય તેવું ને તેવું લખી નાખવાનું છે. તેવું ને તેવું ન લખી શકો તો તેનો અર્થ આવી જાય તેવું વાકય લખવાનું છે. ઉદાહરણ તરીકે મહાવરા માટે એક વાકય લઈએ.

વાકય પહેલું:- "મકાનના છાપરા ઉપર નહીં કે નીચે, માણસો હતાં". લખો.

તેવું ને તેવું વાકય ન લખીએ તો અને અર્થ આવી જાય તેવું વાકય લખીએ તો - "મકાનના છાપરા ઉપર માણસો

હતાં", તેમ લખવું જોઇએ. તેનો અર્થ ન બદલવો જોઇએ. હવે બરોબર સમજાયું ને ?

હવે કસોટી સાચી શરૂ થાય છે.

વાકયો સાંભળવા તૈયાર ? સાંભળો અને લખતા જાઓ.

વાકય પહેલું:-

તમે સૌ વારાફરતી આવો એટલેકે એક સાથે ન આવો.

વાકય બીજું:-

બત્તીનો પ્રકાશ બહુ નથી, ઝાંખો છે.

વાકય ત્રીજું:-

નવી છત્રીને વચ્ચેથી નહીં, છેડેથી ઉંદરે કાતરી.

વાકય ચોથું:-

તે મકાનની આગળ પાછળ નહીં; બગીચો છે.

કસોટી ૨૯મી:-

આ કસોટીમાં પણ તમારે વાક્યો લખવાનાં છે. આ વાકયોની રચના કરીને તેના શબ્દોનો ક્રમ આડોઆવળો કરી નખાયો છે તમારે તે શબ્દોની સાચી ગોઠવણી કરીને સાચું વાકય લખવાનું છે. તે માટે આપણે મહાવરો કરીશું.

વાકય પહેલું:-

—! ૬૫ !—

વાક્ય પહેલું :—

" છે ભારે બરફ કરતાં પાણી" વાક્ય લખો.

આ વાક્યોનો સાચો ક્રમ "બરફ કરતાં પાણી ભારે છે" તેવો બને. હવે સાચી કસોટીનું વાક્ય સાંભળવા તૈયાર ?

વાક્ય પહેલું:—

અમાસની દેખાતો રાત્રે બિલકુલ નથી ચાંદો.

વાક્ય બીજું:—

પગનું છે રક્ષણ થાય ચંપલથી.

વાક્ય ત્રીજું:—

મારકણી છે ગાય હંમેશાં લાલ હોય.

વાક્ય ચોથું:—

માણસને ખોરાક માંદા જોઈએ આપવો હલકો.